ભગવદ્ગોમંડલમાંથી સાભાર

# રામાયણનાં પાત્રો



ભરતકુમાર એલ. ચૌહાણ

ધંધુકા

https://okanha.wordpress.com

રામ

સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન અજ રાજાના પુત્ર દશરથને કૌશલ્યાથી વિષ્ણુના અંશથી થયેલ પુત્ર. ચૈત્ર શુદિ નોમને દિવસે તેનો જન્મ થયો હતો. તેથી આ દેશમાં તેનો જન્મ રામનવમી અથવા રામજયંતીથી ઉજવાય છે. યજ્ઞના રક્ષણ માટે વિશ્વામિત્રની માગણીથી રામલક્ષ્મણે જઈ ઘણા રાક્ષસોનો નાશ કર્યો. યજ્ઞ સમાપ્ત થયા પછી વિશ્વામિત્રની સાથે રામ મિથિલા નગરીમાં જ્યાં સીતાનો સ્વયંવર હતો ત્યાં ગયા. રસ્તામાં પથ્થર રૂપે પડેલી અહલ્યાનો ઉદ્ધાર કર્યો. શિવે આપેલું પ્રચંડ ધનુષ્ય તોડી સીતા સાથે વિવાહ કર્યો. વિવાહ પછી અયોધ્યા પાછા જતાં રસ્તામાં જામદગ્ન્યે રામને આંતર્યા. તે વેળા તેમનામાંથી વિષ્ણુતેજ નીકળી રામમાં પ્રવિષ્ઠ થવાથી જગદગ્ન્ય પોતાને આશ્રમે ગયા. રામ અયોધ્યા આવતાં દશરથે તેના રાજ્યાભિષેકની તૈયારી કરી પણ કૈકેયીએ તેમાં વિઘ્ન નાખી રામને બદલે ભરતને ગાદી અને રામને ચૌદ વરસ વનવાસ એવાં વરદાન માગ્યાં. રામ અયોધ્યા છોડી ચાલી નીકળ્યા. લક્ષ્મણ અને સીતા પણ તેમની સાથે ગયાં. તેઓ ચિત્રકૂટ પર્વત ઉપર આવી. પર્ણકુટિ બનાવી તેમાં સુખે રહેવા લાગ્યાં. ત્યાં રામે ઘણા રાક્ષસોનો નાશ કર્યો. શૂર્પણખાનાં કાન ને નાક કાપ્યા. ખર નામના રાક્ષસને પણ સૈન્ય સહિત માર્યો. આથી રાવણે મારીચ પાસે મૃગ રૂપ ધારણ કરાવી, પોતે સંન્યાસીનો વેષ ધારણ કરી, રામ અને લક્ષ્મણને અરણ્યમાં લલચાવી, તેણે સીતાનું હરણ કર્યું. રામ અને લક્ષ્મણ જ્યારે સીતાને શોધવા નીકળ્યા ત્યારે મરણોન્મુખ થયેલા જટાયુએ તેને ખબર આપ્યા. ચાલતાં ચાલતાં પંપા સરોવરે થઇ તેઓ ઋષ્યમૂક પર્વત સમીપ આવ્યા. ત્યાં સુગ્રીવ સાથે મૈત્રી કરી, વાલીનો વધ કરી સુગ્રીવને ગાદીએ બેસાડ્યો. સુગ્રીવે સીતાની શોધ કરવા અંગદ, હનુમાન વગેરે વાનરોને મોકલ્યા. હનુમાને લંકામાં સીતાની શોધ કરી. વાનરસેના સાથે રામચંદ્ર લંકા જવા નીકળ્યા. નીલ વાનર વિશ્વકર્માના અંશથી જન્મેલો હતો. તેની પાસે સમુદ્ર ઉપર સેતુ બંધાવી રામ લંકામાં ગયા. રામરાવણનું યુદ્ધ થયું. તેમાં ઇંદ્રજિત, કુંભકર્ણ અને બધા રાક્ષસોનો નાશ થયો. સીતાએ અગ્નિપ્રવેશ કર્યો અને સુરક્ષિત બહાર નીકળ્યા. પછી વિભીષણને લંકાની ગાદી આપી રામ પુષ્પક વિમાનમાં બેસી અયોધ્યા ગયા. ભરતને અગાઉથી સમાચાર મોકલાવ્યા હતા તેથી તેમને અત્યંત હર્ષ થયો હતો અને નંદીગ્રામમાં તે રામને મળ્યા. ત્યાર પછી અયોધ્યામાં રામનો રાજ્યાભિષેક થયો અને રામે ભરતને યુવરાજ પદ ઉપર સ્થાપ્યા. રામે અગિયાર હજાર વર્ષ રાજ્ય કર્યું. તે ગાળામાં કોઇનું અકાળ મૃત્યું સરખું પણ થયું નહિ, તેમ કોઇ

સ્ત્રીને વૈધવ્ય પણ આવ્યું નહિ. સીતા રાગમથી સગર્ભા થયાં તેમણે ઋષિના આશ્રમે વાસ કરવો એમ નક્કી થયું. એ ઉપરથી રામે તેને વાલ્મીકિ ઋષિને આશ્રમે મોકલ્યાં. પછી રામે અશ્વમેધ યજ્ઞ કર્યો, જેમાં અનેક ઋષિ આવ્યા હતા. તેમાં વાલ્મીકિ પણ હતા. તેમની સાથે કુશલવ આવ્યા હતા. રામની આકૃતિ ભવ્ય હતી. તેઓ સીતા સિવાય બીજી સ્ત્રીઓને માતા સમાન માનતા. તેઓ વિષ્ણુના મર્યાદાવતાર તરીકે ગણાતા. રામે ઘણા કાળ પર્યંત ન્યાયપૂર્વક રાજ્ય ચલાવ્યું તેથી રામરાજ શબ્દ ઉત્તમ રાજનીતિના પર્યાય તરીકે લોકોમાં પરિચિત છે.

લક્ષ્મણ

અયોધ્યાના રાજા દશરથનો સુમિત્રાથી જન્મેલ પુત્ર; રામનો નાનો ભાઈ. રામ સાથે વનમાં જઈ રામ તથા સીતાની અનન્ય ભાવથી તેણે સેવા કરી હતી. મેઘનાદને મારી તેણે રાવણને ભારે હેરાન કર્યો હતો. તે શેષનો અવતાર ગણાય છે. વનવાસ દરમિયાન ચૌદ વરસ પર્યંત તેણે આહાર, નિદ્રા તજી ભારે બ્રહ્મચર્ય પાળ્યું હતું. લક્ષ્મણજીનું બ્રહ્મચર્ય કેવું હતું ? સીતાજીનું હરણ થયું, રામચંદ્રજી સીતાજી માટે બહુ વિકલ અને દુઃખી થઈ જાય છે, વનવનમાં, જંગલેજગંલ અને ગામેગામ ભટકે છે, પણ ક્યાંય પત્તો લાગતો નથી. જતાં જતાં એક પર્વત ઉપર પહોંચે છે. રામ અને લક્ષ્મણ બેઠા છે. તેવામાં સુગ્રીવ કેટલાંક આભૂષણ લાવે છે અને કહે છે કે, જંગલમાં ફરતાં આ આભૂષણ મળ્યાં છે. તે માતા સીતાજીનાં તો નથી ને ? રામચંદ્રજી લક્ષ્મણને ને ઘરેણાં જોવાનું કહે છે. લક્ષ્મણ તે જોઈ કહે છે કે હું બાજુબંધને જાણતો નથી, કુંડલને જાણતો નથી. આમાંની એક ચીજ જોઈને તે સીતાજીની છે એમ કહી શકું છું તે ચીજ આ ઝાંઝર છે. આ ઝાંઝર તેમના પગમાં રહેતાં હતાં. સીતાજીને હું હંમેશ નમસ્કાર કરતો હતો તેથી હું આ ઝાંઝરને ઓળખી શકું છું. ચોવીસે કલાક સીતાજી સાથે રહેવા છતાં, રાતદિવસ તેની સેવા બજાવતાં છતાં લક્ષ્મણ પોતાની ભાભીનું મોઢું કેવું હતું અને તેના શરીર ઉપર કેવાં ઘરેણાં હતાં તે પણ જાણતા ન હતા. ખરો બ્રહ્મચારી આવો હોય. આ કારણથી લક્ષ્મણના બ્રહ્મચર્યનાં આજ પણ ગુણગાન કરવામાં આવે છે. તેની પત્નીનું નામ ઊર્મિલા હતું. તે સીતાની બેન હતી. તેનાથી લક્ષ્મણને અંગદ અને ચંદ્રકેતુ નામે બે પુત્રરત્ન થયા હતા. લક્ષ્મણની રામ ઉપર અત્યંત પ્રીતિ હતી. લક્ષ્મણ રામને રાવણ સાથેના યુદ્ધમાં પુષ્કળ ઉપયોગી થઈ પડ્યા હતા. તેણે અનેક રાક્ષસોને મારી છેવટે રાવણના પરમ બલાઢ્ય પુત્ર ઇંદ્રજિતને પણ માર્યો હતો. રામે રાવણને મારી

વિભીષણને રાજ્ય સોંપ્યા પછી લક્ષ્મણ રામ સાથે અયોધ્યા પાછા ગયા હતા. રામને રાજ્યાભિષેક થયા પછી જ્યારે રામે લક્ષ્મણને યૌવરાજપદ આપવા માંડ્યું ત્યારે તે તેમણે લીધું નહિ અને કેવળ બીજી સેવા કરવાનું જ તમેણે પસંદ કર્યું. આ ઉપરથી તેમને વૈરાગ્યશીલ જોઈ, જ્ઞાનના અધિકારી ગણી, તેમણે પ્રાર્થના કરવાથી રામે તેમને બ્રહ્મવિદ્યા કહી હતી.

ભરત

સૂર્યવંશી ઇક્ષ્વાકુકુળના દશરથ રાજાને કૈકયીથી થયેલો એ નામનો એક પુત્ર; રામચંદ્રજીનો ઓરમાન ભાઈ. રામને યુવરાજપદ આપવાનો જ્યારે દશરથે વિચાર કર્યો, ત્યારે કૈકયીએ તેમાં વિઘ્ન નાખી, રામને વનવાસ અપાવ્યો. આ વખતે ભરત પોતાના મામાને ત્યાં હતો. રામના વિયોગના શોકને લીધે દશરથનું મૃત્યું થયું. તે વખતે ભરતને દુ:સ્વપ્ન આવવાથી તે અયોધ્યા જવા નીકળ્યો. ત્યાં જતાં તેને ખબર પડી કે તેની માતા કૈકયીએ દશરથ પાસેથી, એક વરદાનથી રામ દંડકારણ્ય જાય અને બીજા વરદાનથી ભરતને રાજ્યપ્રાપ્તિ થાય એમ માગી લીધું હતું. આથી ભરતને ઘણો શોક થયો. તે રામને પાછા આણવા માટે માતાઓ સાથે સૈન્ય લઇને નીકળ્યો. ગુહે તેને ભાગીરથીની પેલી પાર ઉતાર્યો અને ચિત્રકૂટ પર્વત ઉપર જઇ રામને મળ્યો, પણ રામે તેને પાછો અયોધ્યા મોકલ્યો. પછી શત્રુઘ્નને રાજ્યની વ્યવસ્થા સોંપી રામ અરણ્યમાંથી ચૌદ વર્ષ પાછા આવ્યા ત્યાંસુધી તે નંદિગ્રામમાં જ રહ્યો. રામચંદ્ર પાછા આવ્યા ત્યારે જ તે ગામમાં પાછો આવ્યો અને રામના આજ્ઞાધારી થઈ રહ્યો. ભરતની સ્ત્રીનું નામ માંડવી હતું. બંધુપ્રીતિ તો ભરતની જ વિનોબા લખે છે કે: અયોધ્યાકાંડમાં ભરતની ભૂમિકા અદ્ભુત ચિત્રિત થઇ છે. ભરત તુલસીદાસના ધ્યાનમૂર્તિ હતા. આ ધ્યાનમૂર્તિને ચૂંટવામાં તેનું ઔચિત્ય છે. લક્ષ્મણ અને ભરત બંને રામના અનન્ય ભક્ત હતા, પરંતુ એકને રામની સંગતિનો લાભ થયો અને બીજાને વિયોગનો. પરંતુ વિયોગ જ ભાગ્યરૂપ થઈ ઊઠ્યો, એટલા માટે કે વિયોગમાં જ ભરતને સંગતિનો અનુભવ મળ્યો. અમારા નસીબમાં પરમાત્માના વિયોગમાં રહીને જ કામ કરવું લખેલ છે. લક્ષ્મણના જેવું સંગતિનું ભાગ્ય અમારૂં ક્યાંથી ? એટલા માટે વિયોગને ભાગ્ય રૂપમાં કેવી રીતે બદલી શકે છે, તેને સમજવામાં ભરતનો આદર્શ જ આપણે માટે ઉપયોગી છે. તુલસીદાજીના ભરત ભક્તિભાગ્યની મૂર્તિ છે. ભરતમાં વિયોગભક્તિનો ઉત્કર્ષ દેખાઇ આવે છે, તેથી તુલસીદાસજીના તે આદર્શ થયા. ભરતે સેવાધર્મને ખૂબ અપનાવ્યો, નૈતિક

મર્યાદાનું સંપૂર્ણ પાલન કર્યું, ભગવાનનું ક્યારે ય વિસ્મરણ થવા દીધું નહિ. આજ્ઞા સમજીને પ્રજાનું પાલન કર્યું, પરંતુ તેનું શ્રેય રામના ચરણોમાં અર્પણ કરીને પોતે નિર્લિપ્ત રહ્યા. નગરમાં રહીને વનવાસનો અનુભવ કર્યો. વૈરાગ્યયુક્ત ચિત્તથી યમનિયમાદિ વિષમ વ્રતોનું પાલન કરીને આત્માને દેવથી દૂર રાખનાર દેહના પડદાને દુર્બલ બનાવી દીધો. તુલસીદાસ કહે છે કે, આવા ભરતનો જન્મ ન થયો હોત તો મારા જેવા પતિતને રામસન્મુખ કોણ કરત ? રામાયણમાં રામસખા ભરત, મહાભારતમાં શકુંતલાનો પરાક્રમી ભરત અને ભાગવતમાં જીવન્મુક્ત જડભરત એ ત્રણ ભરત પ્રાચીન ભારતમાં વિખ્યાત છે. હિંદુસ્તાનને ભારતવર્ષની સંજ્ઞા શકુંતલાના વીર ભરતથી મળી, એવો ઇતિહાસજ્ઞોનો મત છે. એકનાથે જ્ઞાની જડભરતથી તે મળી, એમ માન્યું છે. સંભવ છે કે, તુલસીદાજીને લાગ્યું હશે કે, તે રામભક્ત ભરતથી મળેલ છે. પરંતુ ગમે તેમ હો, આજના વિયોગી ભારતને માટે ભરતની વિયોગભક્તિનો આદર્શ સર્વ પ્રકારે અનુકરણીય છે. તુલસીદાજીએ તે આદર્શ પોતાના પવિત્ર અનુભવથી ઉજ્જવલ બનાવીને આપણી સામે રાખેલ છે. તે પ્રમાણે આચરણ કરવું આપણું કામ છે.

શત્રુઘ્ન

દશરથને સુમિત્રાને પેટે થયેલા બે માંહેનો કનિષ્ઠ પુત્ર; લક્ષ્મણનો નાનો ભાઈ. તે કુશધ્વજ જનકની દીકરી સુતકીર્તિ જોડે પરણ્યો હતો. રામને નામે ચૌદ વર્ષ પર્યંત તેણે અયોધ્યામાં સારી રીતે રાજ્ય ચલાવ્યું હતું. તેના મોટા પુત્ર સુબાહુને રાજ્યાસન પર બેસાડી પોતે રામની સાથે ગયો.

દશરથ

સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળમાં થયેલ રઘુ રાજાનો એ નામનો પૌત્ર અને અજ રાજાને વિદર્ભરાજની કન્યા ઇંદુમતીથી થયેલ પુત્ર. એ અયોધ્યામાં રાજ્ય કરતો હતો. તેણે દેવતાઓ તરફથી ઘણી વાર અસુરો સાથે લડીને તેઓને પરાસ્ત કર્યા હતા. દશરથ રાજાને કૌસલ્યા, કૈકેયી અને સુમિત્રા એ ત્રણ પટરાણીઓ અને ૩૬૦ બીજી રાણીઓ હતી. ઘણા કાળ સુધી તેને કંઈ સંતતિ થઈ ન હતી. એથી તેણે પોતાના મુખ્ય કુળગુરુ વસિષ્ઠની સલાહ લઈને પુત્રકામેષ્ટિ યજ્ઞ કરવાનો

વિચાર કર્યોને ઋષ્યશૃંગ ઋષિને હાથે સરયુ નદીને કિનારે યજ્ઞ કરાવ્યો. યજ્ઞ સમાપ્ત થતાં અગ્નિકુંડમાંથી પ્રાજાપત્ય પુરુષ નીકળ્યો. તેણે રાજાને દૂધપાકનું પાત્ર આપ્યું. રાજાએ એ પોતાની ત્રણે રાણીઓને ખવરાવવાથી ત્રણે ગર્ભિણી થઈ. કૌસલ્યાએ ચૈત્ર સુદિ નોમને દિવસે રામને જન્મ આપ્યો. કૈકેયીને ભરત અને સુમિત્રાને લક્ષ્મણ તથા શત્રુઘ્ન એમ પુત્ર અવતર્યા. એ પહેલાં રાજાને શાંતા નામની એક દીકરી થઈ હતી, તે તેમણે પોતાના મિત્ર અંગ દેશના રાજા રોમપાદને દત્તક પુત્રી તરીકે આપી હતી. રોમપાદે તેને ઋષ્યશૃંગ સાથે પરણાવી હતી. વસિષ્ઠે રામ વગેરે ચારે પુત્રોને વેદ વેદાંગમાં પારંગત કરી ધનુર્વિદ્યામાં પ્રવીણ બનાવ્યા. તેવામાં વિશ્વામિત્ર ઋષિએ આવીને મારીચ અને સુબાહુ નામના રાક્ષસોથી પોતે શરૂ કરેલા યજ્ઞનો બચાવ કરવા માટે રામની માગણી કરી. આ સાંભળીને પ્રથમ તો પુત્ર ઉપરના મોહને લીધે દશરથે ના પાડી, પણ પાછળથી પોતાની ફરજનો વિચાર કરીને રામલક્ષ્મણને વિશ્વામિત્રને સોંપ્યા. મિથિલામાં વિદેહરાજકુમારી સીતાનો સ્વયંવર થતાં તેમાં શંકરના ધનુષ્યનો ભંગ કરી રામ સીતાને પરણ્યા. દશરથે ઉત્તરોત્તર વૃદ્ધાવસ્થાને લીધે આગળ જતાં વસિષ્ઠની સલાહ લઈ રામને યૌવરાજ્યાભિષેક કર્યો. આથી બધાં ખુશી થયાં. મંથરા નામની દાસીની શિખવણીથી માત્ર કૈકેયીને વિપરીત બુદ્ધિ ઉત્પન્ન થવાથી તે ક્રોધે બળી ગઈ. તેણે દશરથને કહ્યું કે, તમે મને પૂર્વે બે વરદાન આપવાનું કહ્યું છે, તે મારે આજે જોઈએ છીએ. પહેલું એ કે તમે ભરતને યુવરાજપદ આપો અને બીજું એ કે રામને ચૌદ વર્ષ વનવાસ મોકલો. રાજાને આથી અત્યંત દુ:ખ થયું અને બધી પ્રજા પણ અત્યંત શોકમાં ડૂબી ગઈ. રામ કૈકેયીની આજ્ઞા માથે ચડાવી વનમાં જવાને તૈયાર થયા અને સીતા અને લક્ષ્મણના અત્યંત આગ્રહથી તેમને પણ સાથે લઈ ગયા. છેવટે વિયોગ સહન ન કરી શકવાથી પુત્રશોકમાં દશરથે ઓ રામ, એમ એકાએક ઉચ્ચાર કરી પ્રાણત્યાગ કર્યો. એક વખત યૌવનાવસ્થામાં દશરથ રાજાએ શ્રવણને હાથીના ભ્રમથી શબ્દવેધી બાણ વડે માર્યો હતો. આથી તેનાં વૃદ્ધ અને આંધળાં માબાપે જે પ્રમાણે અમે પુત્રવિયોગથી મરીએ છીએ તે પ્રમાણે તું પણ પુત્રવિયોગના દુ:ખથી મરણ પામીશ એવો શાપ દીધો. એને પરિણામે દશરથનું રામના વિયોગમાં મૃત્યુ થયું મનાય છે.

કૌશલ્યા

અયોધ્યાના રાજા દશરથનાં પત્ની અને રામચંદ્રની માતા. કોશલ દેશના રાજા ભાનુમાનની તે પુત્રી હતી. રાવણની ધાકથી તેના લગ્ન વહાણમાં દશરથ સાથે કરવામાં આવતાં હતાં, તેટલામાં રાવણે દશરથ રાજાને દરિયામાં ડુબાડી દીધા, પણ અચાનક એક પાટિયું હાથ આવતાં એક બેટ ઉપર તણાઈ ગયા. કૌશલ્યાને પણ પેટીમાં ઘાલી દરિયામાં ધકેલી દીધાં. અનાયાસે જે બેટ ઉપર દશરથ તણાઈ આવ્યા હતા, તે જ બેટમાં તે પેટી તણાઈ આવી. નારદે કૌશલ્યાને દશરથ સાથે પરણાવ્યાં. ફરી તેઓ રાવણના હાથમાં પકડાયાં. તે બંનેને મારી નાખતો હતો, પણ બ્રહ્માએ તેમને બચાવ્યાં અને અયોધ્યામાં મોકલ્યાં.

કૈકયી

કેકય રાજાની પુત્રી; દશરથની એક પત્ની; કૈકયી; ભરતની મા.

સુમિત્રા

દશરથ રાજાની એક પત્ની.

સીતા

જનકની પુત્રી; એક સતી. વિદેહવંશીય સીરધ્વજ જનકને આ કન્યા હળ વડે ચાસ પાજચાં ખેતરમાંથી મળી હતી. એમનો જન્મદિવસ વૈશાખ સુદ ૮નો મનાય છે. તે યોગ્ય ઉંમરની થતાં જે તેની પાસેનું શિવનું ધનુષ્ય તોડી શકે એવીની સાથે જ સીતા પરણે એવું જાહેર કરી જનકે સીતાનો સ્વયંવર આરંભ્યો. એ ધનુષ્ય દશરથ પુત્ર રામચંદ્રજીએ તોડ્યું. અને સીતાની સાથે તેમનું લગ્ન થયું. થોડો સમય વીત્યા પછી પિતાની આજ્ઞાનુસાર રામ વનમાં ગયા. સીતાને અયોધ્યામાં રહેવા રામે ઘણું કહ્યું છતાં આગ્રહ કરી તે તથા રામનો ભાઈ લક્ષ્મણ રામની સાથે વનમાં ગયા. રામ ઘણો કાળ સીતા સાથે અરણ્યમાં ફરતાં છેવટે પંચવટીમાં આવી રહ્યાં. ત્યાં એક વખત રાવણનો પ્રેરેલો મારીચ રાક્ષસ સુવર્ણમૃગનું રૂપ ધારણ કરીને આવ્યો. એને જોઈને સીતાને એના ચામડાની ચોળી કરાવી પહેરવાનું મન થયું. એણે રામચંદ્રને કહેતા એ ધનુષ્ય

બાણ લઈને મૃગને મારવા ગયા અને તેને માર્યો. પણ મરતી વખતે મૃગે ` લક્ષ્મણ ધાજે `, એવી ખોટી બૂમ પાડી. આથી સીતાએ રામચંદ્ર ભયમાં છે એમ ધારી તેને સહાય કરવા લક્ષ્મણને પરાણે મોકલ્યો. પાછળથી રાવણ ભિક્ષુકનો વેશ ધારણ કરી સીતાને હરી ગયો અને એને લંકા લઈ જઈ અશોક વાટિકામાં રાખી. ત્યાં સીતા પોતાને વશ વર્તે એમ કરવા રાવણે ઘણી યુક્તિઓ કરી. પણ તેમાં નિષ્ફળ ગયો. અશોક વાટિકામાં સીતાનું રક્ષણ કરવા રાક્ષસીઓ રાખી હતી. એના ત્રાસથી એક ત્રિજટા નામની વૃદ્ધ રાક્ષસી સીતાને બચાવતી. તે સીતનાન સંભાળ લેતી, ધીરજ આપતી અને રામના સમાચાર કહેતી. એક વખત પોતાના દુ:ખથી કંટાળીને સીતાએ ગળે ફાંસો ખાઈ મારી જવાનો પ્રયત્ન કર્યો હતો. સુભાગ્યે તે જ વખત સીતાની શોધ માટે ગયેલ હનુમાન એને પત્તો મેળવી અશોક વાટિકામાં ઉપર સંતાઈને બધું જોતા હતા. તેણે તે વખત રામચંદ્રજીની વીંટી તેની પાસે નાખી પછી પોતે છતા થઈ રામના કુશળ સમાચાર આપ્યા અને સીતાને આશ્વાસન આપ્યું.તે ભાળ લઈને ગયા પછી રામ વાનર સેના લઈને લંકા પર ચડ્યા. સમુદ્ર પર એમણે સેતુ બાંધ્યો. અને વાનર સેના લંકાના સુવેળાચળ પર્વત પર ચડીને ઊતરી. રાવણની સાથે યુદ્ધ થતાં સપરિવાર રાવણ હણાયો. રામે સીતાનો સ્વીકાર કરવાની ના કહેતાં સીતાએ ચિતા તૈયાર કરાવી તેમાં પ્રવેશ કર્યો. તેમાંથી સાક્ષાત અગ્નિદેવ સીતાને ખોળામાં લઈને બહાર આવ્યા અને કહ્યું કે હે રામ ! હું આજ્ઞા કરું છું કે, પાપરહિત શુદ્ધભાવવાળી અને પહેલાંના જેવી શુદ્ધ જનકપુત્રીનો સ્વીકાર કરો. પછી રામે સીતાનો અંગીકાર કર્યો. ત્યાર બાદ સીતા સહિત રામ અયોધ્યામાં આવ્યાં. આયોધ્યામાં સુખે રાજ્ય કરતા હતા તેવામાં ઘણાં સમય બાદ સીતાએ ગર્ભ ધારણ કર્યો. એ વખતે અયોધ્યાના કોઈ ધોબીએ સીતા સંબંધે નિંદા કરી, એ વાત સાંભળી રામે સીતાનો ત્યાગ કરી એને વનમાં મોકલી દીધી. આગળ જતાં સીતા વાલ્મીકિ ઋષિના આશ્રમમાં રહેતી હતી ત્યાં એને લવ અને કુશ નામે બે પુત્રોનું યુગલ પ્રસવ્યું. વાલ્મીકિએ હજારો લોકોની સમક્ષ સીતાનાં શુદ્ધાચરણ અને પાતિવ્રત્ય સાબિત કરી એને પુત્રો સહિત રામને સ્વાધીન કરી એને પુત્રો સહિત રામને સ્વાધીન કરી ઋષિ પોતાને આશ્રમે પાછા ગયા. અહીં સીતા એકાએક ભૂમિમાં સમાઈ ગયાં. તેને અયોનિજા, ભૂમિજા, ધરણીસૂતા, પાર્થિવી વગેરે ઘણાં નામ આપવામાં આવ્યાં છે.

ઉર્મિલા

લક્ષ્મણને પરણેલી સીતાની નાની બેનનું નામ.

માંડવી

સીરધ્વજ જનકના ભાઈ કુશધ્વજ રાજની એક પુત્રી. તેનાં લગ્ન દશરથ પુત્ર ભરતની સાથે થયાં હતાં. તેને તક્ષ અને પુષ્કર નામે બે પુત્ર હતા.

સુતકીર્તિ

કુશધ્વજ જનકની દીકરી સુતકીર્તિ. તેનાં લગ્ન દશરથ પુત્ર શત્રુઘ્નની સાથે થયાં હતાં

મંથરા

દરરથની પત્ની કૈકયની દાસી. તે આગલા જન્મમાં એક ગંધર્વી હતી. રામચંદ્રજીને રાજગાદી આપવાનો સમારંભ થતાં તેણે કૈકયીને આડુંઅવળું સમજાવી ભય પ્રદર્શિત કરીને પૂર્વે દશરથે આપેલા બે વરનું સ્મરણ તાજું કરાવીને એર વરથી રામ અરણ્યમાં જાય અને બીજા વરથી ભરતને રાજગાદી મળે, આવું રાજા પાસેથી માગી લેવાનું શીખવ્યું. એ શરીરે ત્રણ ઠેકાણે વાંકી હોવાને લીધે તેનાં ત્રિવક્રા, કુબ્જા એવાં બીજાં નામ પણ હતાં.


સુમંત્ર

દશરથ મહાગાજાનો એ નામનો સારથિ. તે રામ, લક્ષ્મણ, અને સીતાને વનવાસ માટે દંડકારણ્યમાં મૂકવા ગયો હતો.

જનક

રામાયણના મુખ્ય નાયક રામચંદ્રનો સસરો; સીતાનો પિતા અને વિદેહ અથવા મિથિલાનો તે વખતનો પ્રખ્યાત તત્ત્વજ્ઞાની રાજા. બ્રહ્મવિદ્યાના ઉત્તેજક અને યોગીશ્વર યાજ્ઞવલ્ક્યનો તે શિષ્ય હતો. તેને સીતા સિવાય બીજું છોકરૂં નહોતું. અયોધ્યાના રાજા રામચંદ્ર સાથે સીતાને તેમણે

સ્વયંવર કરીને પરણાવ્યાં હતાં. રામ રાવણને મારીને સીતાને લઈ વનવાસ પૂરો કરીને અયોધ્યા આવ્યા. ત્યાર પછી લોકનિંદાને લીધે રામે ગર્ભવતી સીતાનો ત્યાગ કર્યો. આથી જનક રાજાને રાજ્ય અને સંસાર અત્યંત અપ્રિય થઇ પડ્યાં. પછી તેમણે તપોવનમાં જઇને તત્વાન્વેષણમાં વાસ પૂરો કર્યો.




હનુમાન

પવનને અંજનીનો પુત્ર મારુતિ; રામનો એક બળવાન વાનર ભક્ત; બ્રહ્મચરીઓના આદર્શ, પનોતીને દબાવી રાખનાર દેવ. હનુમત્નો યોગિક અર્થ હનુ એટલે હડપચીવાળું એવો થાય છે.

રૂઢિથી એ અર્થ સંકડાઈ ને હનુમાન નામના વાનરદેવ, જેની હડપચી બહાર પડતી છે તે એવો થાય છે. સૂર્યના વરદાનથી સોનાના બનેલા મેરુ પર્વત ઉપર કેસરી નામે એક વાનર અને તેની સુંદર સ્ત્રી અંજની રહેતાં હતાં. અંજની એક વખત પર્વત ઉપર ફરતી હતી, તેવામાં તેને જોઇ વાયુને કામ વ્યાપ્યો અને તેણે પોતાનું વીર્ય અંજનીના કર્ણ દ્વારા મૂક્યું. તેથી અંજનીને ગર્ભ રહી હનુમાનનો જન્મ થયો. પુત્રજન્મ થયા પછી તરત જ અંજની ફળ લેવા જંગલમાં લાચી ગઈ હતી. હનુમાનને ભૂખ લાગવાથી રડવા માંડ્યું. તેવામાં ઉદય પામતા સૂર્યને જો હનુમાને તેને ફળ ધાર્યું અને તે લેવાને કૂધો. તે પ્રમાણે સૂર્ય તરફ કૂદતો હતો ત્યારે વાયુ હિમ જેવો થઇ સૂર્યના તાપથી તેનું રક્ષણ કરતો હતો. તે છેક સૂર્ય પાસે પહોંચ્યો એ વખતે સૂર્યગ્રહણ હતું એટલે રાહુ સૂર્યને ગ્રહણ કરવા જતો હતો, પણ હનુમાનની હઢફટમાં આવવાથઈ ત્રાસ પામીને દૂર નાસી ગયો. પછી ક્રોધ પામી ઇંદ્ર પાસે ગયો. ત્યાં જઈ `મને આપેલ ભક્ષ્ય બહીજો કેમ લઈ જાય છે ?` એમ કહ્યું. આથી ઇંદ્ર ઐરાવત ઉપર આરુઢ થઈ તેની સાથે ગયો. તેઓ સૂર્ય અને હનુમાન હતા ત્યાં આવી પહોંચ્યા. રાહુ પ્રથમ સૂર્ય પાસે આવ્યો અને તેને પણ ફળ ધારી હનુમાન તેને પકડવા કૂદ્યો. પોતાનું રક્ષણ કરવાનું કહ્યું એટલામાં તો હનુમાન ઐરાવતને પણ ફળ ધારી તેને લેવા દોડ્યો. ઇંદ્રે આથી ગુસ્સે થઇ વજ્રનો અગ્રભાગ તેને માર્યો જેથી તે પર્વત ઉપર પડ્યો અને એની હડપચી એટલે હનુ ભાંગી ગઇ. આ જોઇ વાયુ ગુસ્સે થઇ પોતાના પુત્રને લઇને એક ગુફામાં ભરાઇ ગયો અને પોતાનો પ્રચાર બધેથી બંધ કર્યો. આથી ત્રણે લોકમાં દેવ, અસુર અને મનુષ્ય સર્વે પ્રજા દુ:ખી થઇ. દેવો પ્રજાપતિ પાસે ગયા અને તેને પ્રાર્થના કરી. પ્રજાપતિ બધા દેવો સાથે વાયુ હતો ત્યાં ગયા હનુમાનને તેમણે પંપાળ્યો. તેથી તે ફરીથી જીવિત થયો. આથી પ્રસન્ન થિને વાયુ પૂર્વવત વહન કરવા લાગ્યો સર્વ દેવોએ તેને વરદાન આપ્યાં. પછી બ્રહ્માએ કહ્યું કે હે વાયુ ! તારો વીરપુત્ર મારુતિ શત્રુને ત્રાસ ઉપજાવનાર અને ઘણો બળવાન થશે; તેની ગતિ કોઇ અટકાવી શકતે નહિ. એમ કહી સ્વસ્થાન પ્રતિ ગયા. પછી વાયુ પોતાના પુત્રને અંજની પાસે મૂકી આવ્યો. મોટો થતાં હનુમાન ઋષિઓને બહુ સંતાપતો તેથી તેમણે `તું તારું બળ મોહવશ થઇ ભૂલી જઈશ. અને જ્યારે કોઇ તારી કીર્તિ તારી પાસે કહેશે એટલે જ ફરીરી બળવાળો થઈશ.` એમ શાપ આપ્યો. તેને ઋક્ષરજસ વાનરના પુત્ર સુગ્રીવની સાથે ઘણી મૈત્રી હતી. તેણે સૂર્ન પાસેથી ઘણા ગ્રંથો અને શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. તે ઘણો વિદ્વાન અને મહાન તપસ્વી હતો. સીતાની શોધ માટે નીકળેલા રામ અને લક્ષ્મણને પણ તે સુગ્રીવના કહેવાથી ચતુરાઈથી લઈ આવ્યો. રામે સુગ્રીવને રાજ્ય મેળવી આપ્યા પછી કેટલેક

વખતે વાનરોને સીતાની ભાળ કાઢવા મોકલ્યા હતા. તેમાં હનુમાનને, અંગદ ને થોડા વાનરો સાથે દક્ષિણ દિશા તરફ મોકલ્યા. ત્યાં મયદાનવે પોતાના ઉપભોગ સારુ બનાવેલી માયાવી ગુફામાં રહતી મેરુસાવર્ણિની પુત્રી સ્વયંપ્રભાને મળ્યા. ત્યાં વાનરો ફળ ખાઈ અને જળ પીને તૃપ્ત થયા પછી તેણીને તેમને ગુફાની બહાર કાઢવા વિનતિ કરી. સ્વયંપ્રભાએ તેમને નેત્ર બંધ કરવાનું કહી એક ક્ષણમાં ગુફાની બહાર સમુદ્ર પાસે લાવી મૂક્યા. પાછા ફરવાની મુદત થઇ ગઇ છતાં સીતાની ભાય લાગે તેમહતું નહિ. તેથી સર્વેએ ત્યાં મરી જવાનો વિચાર કર્યો એવામાં સંપતિ તેમને મળ્યો, તેણે સીતાની ભાળ આપી તેમને લંકા જવા કહ્યું, પણ સમુદ્ર કેમ ઓળંગવો એ વિચારમાં તેઓ પડ્યા. એ વખતે હનુમાન સમુદ્ર ઓળંગવાનું કહી જાંબુવાને તેનાં આગળનાં પરાક્રમ યાદ કરાવ્યાં. આથી ઋષિના શાપ પ્રમાણે હનુમાન વીરત્વ વ્યાપી ગયું અને પોતાનું સ્વરૂપ ઘણું જ વધારીને કૂદ્યો. તેને મદદ કરવા સમુદ્રે મૈનાક પર્વતને ખુલ્લો કર્યો, પણ તેમને વિવેક કરી થાક ખાવા ન થોભતાં તે આગળ ધપ્યો. રસ્તામાં બ્રહ્મદેવના કહેવાથી તેના બળની પરીક્ષા કરવા આવેલી રાક્ષસોને મહાત કરી નાથી; સંધ્યાકાળે લંકા પહોંચી, લંકાના રક્ષણ કરનારની પરાભવ કરી તેણે અંદર પ્રવેશ કર્યો અશોકવનમાં આવતાં તેણે ઉપવાસને લીધે કૃશ થઈ ગયેલી દુ:ખિત સીતાને જોઈ. પ્રભાત થતાં ત્યાં રાવણ પોતાની સ્ત્રીઓ તથા દાસીઓ સાથે આવ્યો અને સીતાને પોતાની પત્ની થવા સમજાવવા લાગ્યો પણ તેણીએ તેનો તિરસ્કાર કર્યો. આથી રાવણ ગુસ્સે થઈ સીતાને કોઈ પણ રીતે વશ કરવાનું રાક્ષસીઓને કહી જતો રહ્યો. પછી રાક્ષસીના ત્રાસથી ત્રિજટા નામની વૃદ્ધ રાક્ષસીએ સીતાને બચાવી. તે વખતે હનુમાન સૂક્ષ્મ રૂપ ધારણ કરી રામના ગુણાનુવાદ ગાવા માંડ્યા અને પોતાને શા માટે મોલક્યો છે તે પણ કહ્યું. સીતાના કહેવાથી તે તેમની સમક્ષ પ્રત્યક્ષ થયો. પણ આ રાવણ હશે તેવો વહેમ સીતાને આવવાથી તેણે રામની વીંટી સીતાને આપી. પછી સીતા પાસેથી સમાચાર લઈ અને નિશાની તરીકે તેનો ચૂડામણિ લઈ તે વિદાય થયો. પણ તાં પહેલાં અશોકવાટિકામાં ઘણું નુક્સાન કર્યું. તેને પકડવા આવેલા રાક્ષસોને પણ હણ્યા. આથી રાવણે આથી ગુસ્સે થઇ ઇંદ્રજિતને મોકલ્યો; તે હનુમાનને બ્રહ્મસ્ત્રાથી બાંધી રાવણના દરબારમાં લાવ્યો, ત્યાં હનુમાને બહુ છટાથી રાવણને બોધ કર્યો. તેને મારવાના હેતુથી તેનું પૂછડું સળગાવ્યું. હનુમાને લંકામાં ઘણે સ્થળેઆગ લગાડી. પછી અરિષ્ટ પર્વત ઉપરથી કૂદી પાછો મહેંદ્ર પર્વત ઉપર આવ્યો. ત્યાં જાંબુવાનને તેણે સર્વ હકીકત કહી સંભળાવી. પછી બધા રામ પાસે આવ્યા, ત્યારે જાંબુવાને રામને સઘળી હકીકત જણાવી. હનુમાને સીતાએ આપેલ ચૂડામણિ રામના ચરણમાં મૂકયો. યુદ્ધમાં પણ વખતોવખત

હનુમાન ઘવાયેલા વાનરોને ઉપચારાર્થે ઋષભ પર્વત ઉપરથી ઔષધિ લાવીને, લક્ષ્મણને શક્તિ વાગી તે વખથે કાળનેમીને વધ કરીને અને દિવ્ય ઔષધિ લાવીને ઘણી ઘણી સેવા ઉઠાવી. રામનો રાજ્યાભિષેક થયા પછીપણ હનુમાન તેમની સાથે જ રહ્યા. તેણે રામને પોતાની સેવાથી પ્રસન્ન કર્યા, રામે તેને બ્રહ્મવિદ્યા શિખી. રામચંદ્ર નિજધામ જતા હતા તે વખતે હનુમાન સાથે જવા લાગ્યા. તેને એમણે `આ કલ્પના અંત સુધી તારે આ ભૂમિ ઉપર રહેવું` એવી આજ્ઞા કરી. હનુમાન બહુધા હિમાલયના ગંધમાદન શિખર ઉપર રહે છે. કોઇ કોઇ વખત કિંપુરુષ વનમાં રહે છે, એણે એક રામાયણ લખ્યું છે જે હનુમાન નાટક નામે પ્રસિદ્ધ છે. ભાગવતમાં કહ્યું છે કે, એ સતત બધાને રામકથા સંભળાવે છે તેણે લંકા બાળી હોવાથી તેને લંકાદાહી તેવું નામ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત તેને મરત્પુત્ર, મારુતિ, આંજનેય, યોગચર, રજતદ્યુતિ વગેરે ઘણાં નામોથી ઓળખવામાં આવે છે. તે ભીમનો ભાઈ કહેવાય છે. કેમકે, તે બંને વાયુપુત્ર હતા. તેના પુત્રનું નામ મકરધ્વજ હતું. તે શંકરનો અવતાર મનાય છે. તે એક વિદ્વાન વ્યાકરણકર્તા મનાય છે. તેને કાળું મોઢું, ભરમ ઉપર જાડા અને બરછટ વાળ, નાજુક બદન અને લાંબી પૂંછડી હોય છે.તે વ્રજ બાંધાના હતા ને ગરુડની માફક કૂદી શક્તા હતા. આ દેવની અસ્પષ્ઠ મૂર્તિને સિંદૂર, તેલ, અડદ અને આકડાના ફૂલની માળાથી પૂજન કરાય છે. આ રક્ષક અને આયુષ્ય વધારનાર દેવ ગણાય છે. તેને યુવાન ને ચિરંજીવ બનાવ્યા છે. તે નૈષ્ઠિક બ્રહ્મચારી કહેવાય છે.

સુગ્રીવ

ઋક્ષરજા નામના વાનરના બે માંહેનો નાનો પુત્ર. એના મોટાભાઈનું નામ વાલી હતુ. સુગ્રીવ સૂર્યના વીર્યથી જન્મ્યો હતો. તે બંને ઘણા વખત સુધી સંપીને પ્રેમથી સાથે રહ્યા પણ એક માયાવી રાક્ષસ સાથેના યુદ્ધને લીધે બંનેમાં વિખવાદ થઈ પડ્યો. વાલીએ સુગ્રીવને કિષ્કિંધામાંથી દેશવટો દીધો. સુગ્રીવે હનુમાન વગેરે સચિવો સહિત ઋષ્યમૂક પર્વત ઉપર રહેવા માંડ્યું. પાછળથી સીતાની શોધ કરા રામ અને લક્ષ્મણ ત્યાં આવી ચડ્યા ત્યારે સુગ્રીવે તેમની સાથે મૈત્રી કરી. સીતાએ વાનરોમાં ફેકંલાં વસ્ત્રાભુષણ તેમને બતાવ્યા. તે સીતાનાં જ વસ્ત્રો છે જ એમ રામની ખાત્રી થઈ. સુગ્રીવે રામની સહાય લઈ વાલી સાથે દ્વંદ્વ યુદ્ધ કર્યું. તેમાં રામે વાલીને બાણથી માર્યો. પછી રામે લક્ષ્મણને હાથે સુગ્રીવને ગાદી ઉપર બેસાડ્યો. અંગદને યુવરાજ નીમ્યો. પોતે લક્ષ્મણ સાથે પ્રસ્ત્રવણ નામના પર્વત ઉપર રહ્યા. રાજ્ય મળતાં સુગ્રીવ

મોજશોખમાં પડી ગયો; પણ હનુમાને તેને રામને આપેલું વચન યાદ આપવાથી તેણે બધા વાનરોને એકઠા કર્યાં. રામના કહેવાથી લક્ષ્મણ, સુગ્રીવ પાસે આવ્યા. ત્યાં મારુતિએ તેમની કાર્યસિદ્ધિ માટે વાનરો હાજર થયા છે એમ જણાવીને તેને સન્માનપૂર્વક રાજમંદિર લઈ ગયો. આથી લક્ષ્મણનો કોપ શમ્યો. સુગ્રીવ લક્ષ્મણ સાથે બધા વાનરોને લઈ રામ પાસે ગય. પાછળથી હનુમાને સીતાની ભાળ કાઢી રામે સમુદ્ર પર પૂલ બાંધી લંકા ઉપર ચડાઈ કરી રાવણને માર્યો. સીતાને મુક્ત કર્યો અને સીતા સાથે રામ અયોધ્યા આવ્યા. ત્યાં ઘણાં વર્ષ રાજ્ય કરી સ્વધામ જતા હતા ત્યારે સુગ્રીવ પણ અંગદને કિષ્કિંધાની ગાદી પર બેસાડી પોચે રામચંદ્ર સાથે સ્વધામ ગયો.

વાલી

સુગ્રીવનો મોટો ભાઈ; અંગદનો પિતા.

તારા

વાલીની પતિવ્રતા પત્ની. તે સુષેણ નામના વાનરની કન્યા હતી. તેના પુત્રનું નામ અંગદ.

સુષેણ

એ નામનો એક વાનર વૈદ્ય. તે રામના લશ્કરમાં હતો. તેણે મરી ગયેલ ઘણાને જીવતા કર્યા હતા. એને મૈંદ અને દ્વિવિદ નામે બે પુત્ર હતા અને તારા નામે એક કન્યા હતી. તારાને એણે વાલીને પરણાવી હતી.

મૈંદ

સુષેણ વાનરના બે માંહેનો મોટો પુત્ર; દ્વિવિદનો મોટો ભાઈ. આ બંને ભાઈઓ વાલીની સ્ત્રી તારાના ભાઈ એટલે અંગદના મામા હતા. વાલીના વધ પછી સીતાની ખોળ માટે જે વાનરો

સુગ્રીવે મોકલ્યા હતા તેમાં ભાઈ સહિત આ પણ ગયો હતો. તેણે રામાયણના યુદ્ધમાં વજમુષ્ટિ, વિરુપાક્ષ ઈત્યાદિ મોટા મોટા રાક્ષસ મારીને રામને ઉત્તમ સહાય કરી હતી.

દ્વિવિદ

સુષેણ વાનરના બે માંહેનો નાનો પુત્ર. એના મોટા ભાઈનું નામ મૈંદ વાનર હતું. તે દશ હજાર હાથીનું બળ ધરાવતો હતો. અંગદનો તે મામો અને સુગ્રીવનો સચિવ હતો. તેણે રાવણ સાથેના યુદ્ધમાં રામને ઘણી મદદ કરી હતી.

અંગદ

કિષ્કિંધાના વાનર રાજા વાલીનો એ નામનો દીકરો. તે બૃહસ્પતિનો અવતાર મનાય છે. ભાષણ કરવામાં તે કુશળ હતો. વાલીના મરણ વખતે તે નાની ઉમરનો હોવાથી એને સાચવવાનું તેના ભાઈ સુગ્રીવને સોંપી રામે એને યુવરાજનો અધિકાર અપાવ્યો હતો. સીતાની શોધ માટે મોકલેલા મારુતિ વગેરે વાનરોનો તે પ્રમુખ હતો. વાયદા કરતાં એક મહિનો વધારે વીતી જતાં પણ સીતાની શોધ લાગી નહિ તેથી એણે પ્રાણ ત્યાગવાનો નિશ્ચય કર્યો. એટલામાં એને સંપાતિ નામના પક્ષીરાજનો ભેટો થયો. એનાથી ભાળ મળી કે સીતા લંકામાં છે. મરવાનો વિચાર માંડી વાળી એણે મારુતિને લંકા મોકલ્યો. મારુતિએ ખબર આણ્યા પછી તેઓ રામચંદ્ર પાસે કિષ્કિંધા પાછા ગયા. જ્યારે બધા વાનરો સહિત રામચંદ્રજી લંકા પર ચડ્યા ત્યારે એ પણ જોડે ગયો અને તેને રામે રાવણ સાથે વિષ્ટિ એટલે સમાધાની કરવા મોકલ્યો. તેણે રાવણને બહુ સમજાવ્યો છતાં રાવણ માન્ય નહિ. રાવણને નાનપણમાં વાલીએ અંગદને ઘોડિયે બાંધ્યો હતો, ત્યારે એ રાવણની દાઢી ખેંચી બહુ પીડા આપતો તે યાદ કરાવ્યું. જ્યારે રામ અને રાવણની લડાઈ થઈ ત્યારે એણે કંપન, પ્રજંઘ, વિક્ટ ઈત્યાદિ અનેક મહાન રાક્ષસોને માર્યા. રાવણનો વધ કરી રામચંદ્રજી અયોધ્યા ગયા પછી અગિયાર હજાર વર્ષ રાજ્ય કરી જ્યારે સ્વધામ પધાર્યા ત્યારે સુગ્રીવ તેમની સાથે ગયો, અને અંગદને કિષ્કિંધાનો રાજા બનાવ્યો હતો.

જાંબુવાન

રામની સેનાનો એ નામનો એક વાનર.

વિનત

રામની સેનામાંનો એ નામનો એક વાનર.

તાર

રામની સેનાનો અધિપતિ એક મોટો વાનર. તેની કન્યા રુમા સુગ્રીવની સ્ત્રી હતી. વળી એમ કહેવાય છે કે તારાનો પિતા હતો અને બૃહસ્પતિના અંશથી ઉત્પન્ન થયો હતો.

જટાયુ

રામાયણમાં જણાવેલ એક ગૃધ્રરાજ. તેના પિતા સૂર્યના સારથિ અરુણ અને તેની માતાનું નામ શ્યેની હતું. સંપાતિ તેનો મોટો ભાઈ થાય. તે ગીધનો રાજા હતો. રામાયણ ઉપરથી એ વિષ્ણુના વાહન ગરુડનો પુત્ર હતો એમ જણાય છે. પુરાણોમાં એને દશરથનો મિત્ર કહ્યો છે. દશરથ શનિની પાસેથી સીતાને લેવાને ક્રાંતિમંડળમાં ગયો હતો. શનિની દ્રષ્ટિને લીધે એનો રથ બળી ગયો અને રાજા નીચે પડ્યો. જટાયુએ એને પડતો ઝીલી લઈને ઉગાર્યો હતો. પદ્મ પુરાણમાં વળી એવી કથા છે કે પોતાના રાજમાં દુકાળ પડ્યો હતો ત્યારે દશરથ શનિ ઉપર ચડી ગયો. પણ એને રથ સહિત સ્વર્ગમાંથી ફેંકી દીધો. તે જટાયુએ ઝીલી લીધો હતો. રામ પંચવટીમાં રહ્યા ત્યારે સીતાનું રક્ષણ કરવાનું તેણે માથે લીધેલું. તે રામભક્ત હતો. સીતાને હરણ કરી લઈ જતાં તેણે રાવણને રોક્યો હતો. પોતે વૃદ્ધ હોવા છતાં તેણે રાવણ સાથે યુદ્ધ કર્યું, પણ રાવણ તેની પાંખો કાપી નાખી ઘાયલ કરીને નાસી ગયો હતો. સીતાની શોધ કરતા રામ લક્ષ્મણને તેણે ભાળ આપી. જટાયુને આ દશામાં જોઈ રામ લક્ષ્મણ બહુ વ્યાકુળ થયા. રામે તેને ગોદમાં લીધો અને તેમનાં દર્શન કરી જટાયુ મોક્ષ પામ્યો. રામે જાતે તેની અંત્યેષ્ટિ ક્રિયા કરી હતી.

નલ

રામની સેનાનો એ નામનો એક વાનર. તેણે રામ રાવણના યુદ્ધ વખતે લંકામાં સેના વગેરે લઈ જવા સારૂ સમુદ્ર ઉપર સેતુબંધન કર્યું હતું. નલ અને નીલ જ્યારે બાળકો હતા ત્યારે સમુદ્ર કિનારે રમતાં રમતાં ઋષિમુનિઓના આશ્રમમાંથી શાલિગ્રામ આદિ પથ્થરની મૂર્તિઓ લાવી સમુદ્રમાં નાખતા. આથી એક મુનિએ તેમને બાળકો જાણી તેમના ઉપર ગુસ્સે નહિ થતાં એમ કહ્યું કે, જાઓ તમારા હાથનો સ્પર્શ પામેલ પથ્થર પાણીમાં નહિ ડૂબે. આ પ્રમાણે મુનિઓએ પોતાના ઉપઃસ્ય મૂર્તિની રક્ષા કરી અને તેમના આશીર્વાદથી નલ નીલે સેતુ બાંધી પોતાના ઉપાસ્ય દેવ રામની સેવા કરી.

નીલ

રામની વાનરસેનાનો એ નામનો એક સેનાપતિ. તે અગ્નિનો પુત્ર અને વિશ્વકર્માના અંશ વડે જન્મેલો મનાય છે. તેણે તથા નલ નામના વાનરે સમુદ્ર ઉપર પથ્થરનો પુલ બાંધ્યો હતો. એવી કથા પ્રસિદ્ધ છે કે, જ્યારે નલ અને નીલ નાના બાળકો હતા, ત્યારે સમુદ્ર કિનારે રમતાં રમતાં ઋષિમુનિઓના આશ્રમમાંથી શાલિગ્રામ વગેરે પથ્થરની મૂર્તિઓ લાવી સમુદ્રમાં નાખતાં હતા. આ પ્રકારે મૂર્તિઓ ખોવાવાથી મુનિઓ નલ અને નીલને બાળક જાણી તેમના ઉપર ગુસ્સે ન થતા અને તેમને શિક્ષા પણ ન કરતા. એક દિવસ એક મુનિએ એમ કહી દીધું કે, ઓ, તમારા હાથનો સ્પર્શ પામેલ પથ્થર પાણીમાં નહિ ડૂબે. આ પ્રમાણે મુનિઓએ પોતાની ઉપાસ્ય મૂર્તિની રક્ષા કરી અને તેમના આશીર્વાદથી નલ અને નીલે સેતુ બાંધી પોતાના ઉપાસ્ય દેવની સેવા કરી.

સંપાતિ

વિનતાની કુખે થયેલો કશ્યપ પુત્ર અરુણાનો મોટો પક્ષીપુત્ર. જટાયુ એનો નાનો ભાઈ થાય. એ મહા પરાક્રમી હતો. એક વખતે તેની અને જટાયુની વચ્ચે સૂર્યમંડળમાં પહેલો કોણ જઈ પહોંચે એવી શરત થઇ. તે માટે તેઓ સૂર્યમંડળમાં જવા ઊડ્યા. સૂર્યના તાપથી નાના ભાઇનું રક્ષણ કરવાને સંપાતિ પોતાની પાંખો તેના ઉપર પ્રસારીને ઊડતો હતો. એ પ્રમાણે સૂર્યમંડળની છેક નજીકમાં જઈ પહોંચ્યા. ત્યાં સંપાતિની પાંખો એકાએક બળી ગઈ અને મહેંદ્ર પર્વત ઉપર પડ્યો.

જટાયુની પાંખ દાઝી ન હોતી તેથી તે પાછો ઊડીને પૃથ્વી ઉપર આવ્યો. ઘણા વખત પછી સંપાતિ મૂર્છામાંથી સાવધ થઈને જુએ તો પોતાનો ભાઇ પાસે નથી અને પોતે દક્ષિણ સમુદ્રમાં પડ્યો છે. ઉડાતું ન હોવાથી એક વખત ભૂખ તરશ છિપાવવા ખોડંગતો કૂદીને જતો હતો તે વખતે તેને તે જ પર્વત ઉપર રહેનારા ચંદ્રમા નામના ઋષિ મળ્યા. મુનિએ તે કોણ છે તેમ પુછયાથી સંપાતિએ બધી હકીકત કહી અને પોતાનું ક્ષુધાનું નિવારણ કરવાનો ઉપાય પૂછ્યો. આ ઉપરથી મુનિએ તેને અધ્યાત્માવિદ્યાનો બોધ કર્યો. આથી સંપાતિના મનનું સમાધાન થયું અને તેની ભૂખ પણ મટતી ગઇ. આ પ્રમાણે ઘણા વખત સુધી સંપાતિ અને મુનિ ભેગા રહ્યા. એક વખત ચંદ્રમા મુનિને પરલોકગમનની ઇચ્છા થતાં તેણે સંપાતિને કહ્યું કે, ઇક્ષ્વાકુના વંશમાં રામનો જન્મ થશે. પિતાની આજ્ઞા પાળવા એ ભાઇ તથા સ્ત્રી સાથે દંડકારણ્યમાં આવશે. અહીથી રાવણ એની સ્ત્રીનું હરણ કરી જશે. રામને સુગ્રીવ સાથે મૈત્રી થશે. સુગ્રીવ પોતાના વાનરોને સીતાની ભાળ કાઢવા દક્ષિણ દિશામાં મોકલશે. પણ ભાળ નહિ મળવાથી એ વાનરો સમુદ્ર કિનારે અન્નજળનો ત્યાગ કરી મરવાને તૈયાર થશે. તે વખતે તું તેમને મળીને સીતાની ભાળ બરોબર આપીશ અને તારી પાંખો પહેલાં હતી તેવી થશે અને તું સુખી થશે એમ વરદાન આપીને મુનિ આ લોક તજી દિવ્ય લોકમાં ગયા. આગળ જતાં ચંદ્રમા મુનિના કહેવા પ્રમાણે જ અંગદની આગેવાની નીચે વાનરો સીતાને શોધવા આવેલા. તે ફળીભૂત ન થવાથી મરવા સારુ ધાનપાણીની આખડી લઈને બેઠા હતા. એમનો અને સંપાતિનો મેળાપ થયો. વાનરોને મોઢે પોતાના નાના ભાઈ જટાયુંના મૃત્યુના વૃતાંત જાણી સંપાતિને બહુ ખેદ થયો. વાનરોને સંપાતિએ સીતાની ભાળ આપી અને તમે લોકો સમુદ્ર ઓળંગવાની પેરવી કરો એવી સૂચના આપી. પછી તેને પહેલાંની માફક પાંખો ફૂટી અને તે ત્યાંથી ચાલી નીકળ્યો. સંપાતિની ઉપર વિષે ક્યાંયે ઉલ્લેખ કરેલો જણાતો નથી. એને સુપાર્શ્વ, બભ્રુ, શીઘ્રગ વગેરે અનેક પુત્રો હતા.

## વિશ્વામિત્ર

એક ક્ષત્રિય ઋષિ; કૌશિક; ગાધિજ; ગાધિનંદન; અયોધ્યાના સૂર્યવંશી રાજકુટુંબના ઉપાધ્યાય; કાન્યકુબ્જના પુરુવંશી ગાધિ રાજાનો પુત્ર. ક્ષત્રિય વંશમાં ઉત્પન્ન થઈ પોતાના તપોબળથી તેણે બ્રાહ્મણત્વ પ્રાપ્ત કર્યું હતું. તેની ઉત્પત્તિ સંબંધમાં એવું વર્ણન છે કે, ગાધિરાજાની કન્યા સત્યવતી ઋચીક ઋષિને પરણાવી હતી. ગાધિરાજ અને ઋચીકને કાંઈ સંતાન ન થયું. તેથી ઋચીકે

યજ્ઞાવશેષ ચરુના બે ભાગ કર્યા. એકની સાથે બ્રાહ્મણ સંતાનનો અને બીજીની સાથે ક્ષત્રિય સંતાનનો આશીર્વાદ હતો. બંને ચરુ ઋચીક ઋષિએ પોતાની સ્ત્રીને આપી બ્રાહ્મણવાળો ચરુ પોતાને ખાવાનું અને બીજો ચરુ ગાધિરાજાની સ્ત્રીને ખાવા આપવાનું કહ્યું. ગાધિરાજાની સ્ત્રીએ વિચાર કર્યો કે કદાચ સત્યવતીનો ચરુ અધિક શ્રેષ્ઠ હશે, કેમકે તેના સ્વામીએ તે તૈયાર કરેલ છે. ઉપરથી તેનો ચરુ પોતે લઈ લીધો અને પોતાનો તેને આપી દીધો. પરિણામે ગાધિરાજની સ્ત્રીને વિશ્વામિત્ર અને સત્યવતીને જમદગ્નિ થયા, જે બ્રાહ્મણ હોવા છતાં ક્ષાત્ર ગુણથી યુક્ત હતા. તેણે ઋચીક ઋષિ પાસે સર્વ વિદ્યાનું શિક્ષણ લીધું હતું. તેણે પ્રજાને પુત્ર પેઠે પાળી હતી. રાજ્યનો વિસ્તાર ઘણો વધાર્યો હતો, દ્રવ્ય ભંડાર ભરપુર હતો. મંત્રીમંડળ વિદ્વાન, નમ્ર અને દીર્ઘદષ્ટિવાળું હતું. એકવાર આ રાજા સૈન્ય સહિત મૃગયા રમવા નીકળ્યો, રસ્તામાં વસિષ્ઠ ઋષિના આશ્રમે ઋષિએ નંદિની કામધેનુની મદદથી રાજાનો સારો સત્કાર કર્યો, છેવટે ઋષિની ના છતાં બળાત્કારે કાણધેનું લઈ જવા રાજા તૈયાર થયો, નંદિનીમાંથી અસંખ્ય પુરુષો પ્રગટ થયા, તેણે વિશ્વામિત્રના સર્વ સૈન્યનો નાશ કર્યો ને રાજા લજ્જા પામી પોતાને નગર પાછો આવ્યો. ક્ષત્રિયબળ કરતાં બ્રહ્મતેજનું પરાક્રમ ચડિયાતું છે એમ તેને ખાતરી થવાથી તેણે હજારો વર્ષ તપ કર્યું. તે તપના પ્રભાવથી દેવોએ તેને બ્રહ્મર્ષિ કહ્યા પણ વસિષ્ઠ તો તેને રાજર્ષિ કહીને બોલાવતા. આથી વિશ્વામિત્રે વસિષ્ઠના સો પુત્રોને મરાવી નાખ્યા ને તેને મારી નાખવા તૈયાર થયા. એક રાત્રે વસિષ્ઠના મોઢેથી વિશ્વામિત્રના તપનાં વખાણ સાંભળી, મારવા આવેલ વિશ્વામિત્ર વસિષ્ઠને પગે પડ્યા, જ્યારે તેનું નિરાભિમાન જોયું ત્યારે વસિષ્ઠે વિશ્વામિત્રને બ્રહ્મર્ષિ કહ્યા. ત્યારથી તે બંને વચ્ચે ગાઢ સ્નેહ બંધાયો. આ પછી મહા તપોબળી વિશ્વામિત્રે સિદ્ધાશ્રમમાં ઘણા યજ્ઞો કર્યા. રાક્ષસોનું જોર બહુ વધી ગયું હતું અને યજ્ઞમાં આવી વિઘ્ર કરતા. યજ્ઞના પ્રસંગમાં કોઈને શાપ દેવાય નહિ એવી શાસ્ત્રમર્યાદા હોવાથી વિશ્વામિત્રે દશરથ રાજા પાસેથી રામની માગણી કરી ને રામ લક્ષ્મણ પાસે ઘણા રાક્ષસોનો નાશ કરાવ્યો. વિશ્વામિત્રને ગાલ્લવ નામે પુત્ર હતો અને ગાલ્લવ નામનો એક શિષ્ય પણ હતો. તેને માધવીથી અષ્ટક નામે એક પુત્ર થયો હતો. વિશ્વામિત્રના કુળમાં પોતે સુદ્ધાં તેરે મંત્રદષ્ટા ઋષિ થઈ ગયા છે. વિશ્વામિત્ર પોતે, દેવરાત-શુનઃશેપ, મધુચ્છંદ, અઘમર્ષણ, અષ્ટક, લોહિત-રોહિત, ભૃતકીલ, માંબુદ્ધિ, દેવશ્રવા, દેવરત, ધનંજય, શિશિર, શાલકાયન. આ સિવાય પણ તેને ઘણા પુત્રો થયા છેઃ વિશ્વામિત્ર પ્રજાપક્ષી હતા, જે રાજાના રાજ્યમાં પ્રજાને દાદ મળતી ન હોય ને અધિકારીઓ જુ લમી હોય તેની સામે પ્રજાપક્ષે થતા ને ભાષણોદ્વારા ટીકા કરી તૂટી પડતા. રાજાઓને સલાહ આપવામાં એ એક મોટા

પ્રધાન જેવા હતા. તેમણે ધનુર્વેદ પ્રથમ ક્ષત્રિયોને શીખવ્યો હતો. તેમે ધનુવિદ્યાનો મહાન ગ્રંથ રચ્યો છે. તે વિદ્યામાં તેઓ ઘણા જ પ્રસિદ્ધ થયેલા છે. રાજાઓ એકાંતમાં તેની સલાહ લેતા અને વિશ્વામિત્ર દેશની પ્રજાની દાઝ હૈયે ધરી તેમને સુખી કરવાને પ્રયત્ન કરતા. એ પ્રજાપક્ષી બ્રહ્મષિ સપ્તઋષિના રાજ્ય પંચમાં નિમાયા હતા. એ ચાલુ મન્વંતરમાં સપ્તષિમાં ગણાય છે. રાજ્ય જેવી સમૃદ્ધિ અને વૈભવને છોડી બ્રહ્મપદની પ્રાપ્તિમાં અને પ્રજાને સુખી કરવામાં એણે દેહ અર્પણ કર્યો હતો. ક્ષણિક વસ્તુઓ તેમને તુચ્છ હતી. તપ અને મનુષ્યનું કલ્યાણ કરવું એજ તેને પ્રિય હતું. તત્વજ્ઞાન અને ધર્મનીતિનો ઠેકઠેકાણે ઉપદેશ આપતા. એ પોતાના આત્મબળના પરાક્રમથી આર્યાવર્તમાં અમર કીર્તિ રાખી ગયા છે.

વાલ્મીકિ

એ નામના એક પ્રસિદ્ધ ઋષિ. તે એક બ્રાહ્મણને ત્યાં જન્મ્યા હતા; પણ તેનાં માતાપિતા જે તપ કરવા જંગલમાં ગયાં હતાં તેમણે તેને જંગલમાં મૂકી દીધા. પછીથી કોઈ ભીલની દ્રષ્ટિએ તે પડ્યા. તેણે તેને ઉછેર્યો. તે મોટા થયા એટલે તેને ધનુર્વિદ્યામાં નિપુણ બનાવી ભીલ તેની પાસે ચોરીનું કામ કરાવવા લાગ્યો. એક વખત તે અરણ્યમાં લૂંટને માટે ફરતા હતા ત્યાં એક મહર્ષિને જોઈને તેની પાસે જે હોય તે માગ્યું. ઋષિએ તેને કહ્યું કે, જેને માટે તું પાપ કરે છે તે તારાં સગાંઓને પૂછી આવ કે, તેઓ તારા પાપમાં ભાગીદાર થશે ? કુટુંબીઓને પૂછતાં તેઓએ ના કહી. આથી તેને બહુ ખોટું લાગ્યું અને ઋષિને શરણે ગયા. તેથી તે મહર્ષિ તેને રામનામનો જપ કરવાનું કહી અંતર્ધાન પામ્યા. મહર્ષિ જતાં તે ત્યાં જ જપ કરતા કરતા એટલા કાળ પર્યંત બેઠા કે, તેના શરીર ઉપર ઊધઈના રાફડા થઈ ગયા. પછી એ જ ઋષિએ આવી તેને એ રાફડામાંથી કાઢયા. રાફડાને સંસ્કૃતમાં વલ્મીક કહે છે તે ઉપરથી તેનું વાલ્મીકિ એવું નામ પડયું. તે પછી તેની ગણના ઋષિમાં થવા લાગી. તે તમસા નદીને કાંઠે આશ્રમ કરી રહ્યા. તેના શિષ્યોમાં ભરદ્વાજ ઋષિ મુખ્ય હતા. એક વખત તે નદીએ સ્નાન કરવા ગયેલા. સ્નાન કરતાં કરતાં સામેના વૃક્ષ પર ક્રૌંચ પક્ષીનાં જોડાં ઉપર તેની નજર પડી. એ જોડાંમાંનો નર જે કામાસક્ત બન્યો હતો તેને એક શિકારીએ બાણ વડે વીંધી નાખ્યો. તેથી પાછળ રહેલા પક્ષીને અતિશય શોક થોય. આથી વાલ્મીકિ હ્દયમાં એટલી બધી દયા ઊપજી કે, તેના મુખમાંથી **मा निषाद** એમ પ્રારંભવાળી અનુષ્ટુપ છંદોબદ્ધ વાણી નીકળી. પાછળથી બ્રહ્મદેવની આજ્ઞા પ્રમાણે

પરમેશ્વરના જે નામ વડે પોતે પાવન થયા હતા તેના જ નામ ઉપર શતકોટિ કાવ્ય તેણે રચ્યું. આ પહેલાં કોઈ પણ નિયમિત કાવ્ય હતું જ નહિ. આ કાવ્ય પ્રથમ જ રચાયેલું અને કવિ પણ પહેલા જ હોઈ ને વાલ્મીકિ આદ્યકવિ કહેવાય છે. સંસ્કૃતના આદિ કવિ વાલ્મીકિએ રામાવતારની સાઠ હજાર વર્ષ પહેલાં જ દિવ્યદ્રષ્ટિથી રામાયણની રચના કરી હતી. તેણે રચેલો ગ્રંથ વાલ્મીકિ રામાયણ આજ પણ સુપ્રસિદ્ધ છે. તે કાવ્યના સુબોધથી લાખો મનુષ્ય સુબુદ્ધિ તથા સુનીતિ શીખ્યા છે અને હજુ પણ એ ગ્રંથનો લાભ લેવાય છે. આ કવિ જેવા સંસ્કૃત ભાષામાં નવ રસમય વર્ણન કરવામાં બીજા થોડા જ કવિ થયા હશે. આ મહર્ષિની પવિત્રતા રામચંદ્રજી પણ જાણતા હતા. વનવાસ દરમિયાન રામ ચિત્રકૂટ ઉપર વાલ્મીકિને આશ્રમે આવી ઘણા દિવસ રહ્યા હતા. વળી ધોબીના વચનથી રામે સીતાને વનમાં મોકલ્યાં ત્યારે વાલ્મીકિ પોતાના ગંગા કિનારા ઉપરના આશ્રમે સીતાને તેડી લાવ્યા હતા. આ ઋષિએ લવ અને કુશને વેદ, ધનુર્વિદ્યા વગેરે શાસ્ત્રનું શિક્ષણ આપ્યું હતું. રામચંદ્રજીનો વાલ્મીકિ ઉપર પૂર્ણ ભાવ હતો તેથી તેમણે તેમની સલાહ લઈ પ્રજાહિતનાં કાર્યો કરેલાં છે. આ ઋષિનાં પ્રાચેતસ વગેરે બીજાં પણ નામ છે.

લવ

સૂર્યવંશી ઇક્ષ્વાકૂ કુળમાં રામને સીતાની કુખે થયેલ બે માંહેનો નાનો પુત્ર. તેનો જન્મ વાલ્મીકિ ઋષિના આશ્રમમાં થયો હતો. તે ઉત્તર કોસલની અંદર આવેલ શ્રાવસ્તીપુરીનો રાજા હતો.

કુશ

રામચંદ્રજીના બે માંહેનો મોટો પુત્ર. એને ચંપિકા અને કુમદ્વતી એવી બે સ્ત્રીઓ હતી. કુશનો જન્મ વાલ્મીકિ ઋષિના આશ્રમમાં થયો હતો અને પાલનપોષણ ત્યાં થયું હતું. રામચંદ્રજીના અશ્વમેધ યજ્ઞ વખતે કુશ અને તેના નાના ભાઈ લવે રામાયણનું ગાન કરીને આખી સભાને મંત્રમુગ્ધ કરી હતી. તેણે કુશાવતી નગરી વસાવીને ત્યાં રાજ્ય સ્થાપ્યું હતું. રામચંદ્રજી વૈકુંઠ પધારતાં અયોધ્યાની અધિષ્ઠાત્રી દેવી કુશના શયનાગારમાં ઉપસ્થિત થઇ હતી અને અયોધ્યાની દુર્દશા કહી હતી અને કુશાવતી છોડી અયોધ્યા જવાનું જણાવ્યું હતું. આથી તેણે અયોધ્યા જઈ ત્યાં રાજ્ય કરવા માંડ્યું.

સુબાહુ

ઇક્ષ્વાકુ કુળના શત્રુઘ્નો મોટો પુત્ર. શત્રુઘ્ની પછી મધુરા અથવા મથુરાનો અધિપતિ અજ થયો હતો.

અંગદ

લક્ષ્મણના બે દીકરામાંનો મોટો દીકરો. તે એના નામથી સ્થાપેલી અંગદીયા નામની નગરીમાં રાજ કરતો હતો. એ નગરીને અશ્વનગર પણ કહેતા.

ચંદ્રકેતુ

લક્ષ્મણને ઊર્મિલાથી થયેલ એ નામનો પુત્ર. તેના નામ ઉપરથી કામરૂપ દેશમાં ચંદ્રકાંત નામની નગરી વસાવી. એનું બીજું નામ ચિત્રકેતુ હતું. રામે અશ્વમેધ યજ્ઞ કર્યો ત્યારે અશ્વની પાછળ રક્ષા કરવા માટે તેને મોટું સૈન્ય લઈ મોકલ્યો હતો.

શબરી

રામની પરમ ભક્ત એક ભીલડી. એ પંપા સરોવરને પશ્ચિમ કિનારે રહેતા મતંગ ઋષિની દાસી હતી. એ તપસ્વિની પણ હતી રામચંદ્ર ચિત્રકુટ પર્વત ઉપર હતા તેવામાં મતંગ ઋષિ દેવલોકમાં ગયા. મરતાં મરતાં શબરીને કહેતા ગયા હતા કે, થોડા જ સમયમાં રામચંદ્ર અહીં આવશે. ત્યારે તેનું આતિથ્ય કર્યા બાદ તું સ્વર્ગમાં આવજે. તેથી તે રામની વાટ જોતી હતી. જ્યારે લક્ષ્મણ સહિત રામ આવ્યા ત્યારે એનું પૂજન કરી એમને આશ્રમમાં વનફળો ખાવા આપ્યાં. તેમ જ મતંગના વનમાં સપ્ત સાગરાદિ તીર્થોની હકીકત કહીને જે જે જોવા જેવું હતું તે બધું બતાવ્યું. રામચંદ્ર ઉપર ઘણો ભાવ લાવી પોતે ચાખી ચાખીને સ્વાદિષ્ટ ફળ તેમને ખવડાવ્યાં હતાં અને એની પ્રીતિને વશ થઈને રામચંદ્રે અજીઠાં ફળ ખાધાં હતાં.

પરશુરામ

રેણુકાને પેટે પેદા થયેલ જમદગ્નિના એ નામના પુત્ર; વિષ્ણુનો છઠ્ઠા અવતાર. મહર્ષિ ભૃગુ ઋષિના વંશમાં પ્રખ્યાત ઋચીક ઋષિ થયા, તેના પુત્ર જમદગ્નિને ત્યાં વિષ્ણુના છઠ્ઠા અવતાર પરશુરામ ત્રેતા યુગને પ્રારંભે જન્મ્યા. ચોવીશ અવતારમાં તે ઓગણીશમા ગણાય છે. તે મહાતેજસ્વી, વિદ્વાન, નીતિજ્ઞ, તામસી અને ક્ષત્રિયત્વ ગુણમાં શ્રેષ્ઠ હતા. તેનું આયુધ ફરશી હતું. શિવ તેના ગુરુ હતા. કૈલાસમાં વિદ્યાભ્યાસ માટે તે લાંબો વખત રહ્યા હતા. મહાભારતના શાંતિ પર્વમાં તેની ઉત્પત્તિ સંબંધમાં કથા છે કે: કુશિક ઉપર પ્રસન્ન થઈને ઇંદ્ર તેને ત્યાં ગાધિ નામની ઉત્પન્ન થયા. ગાધિને સત્યવતી નામની એક કન્યા થઈ, જેને ભૃગુના પુત્ર ઋચીકની સાથે પરણાવી. ઋચીકે એક વાર પ્રસન્ન થઈને પોતાની સ્ત્રી અને સાસુ માટે બે ચરુને ઉત્પન્ન કરી સત્યવતીને કહ્યું કે, આ ચરુને તું ખાજે, તેથી તને પરમ શાંત અને તેજસ્વી પુત્ર ઉત્પન્ન થશે. બીજો ચરુ તેની માતાને દેવાનું કહ્યું, તેથી તેને અત્યંત વીર અને પ્રબળ પુત્ર ઉત્પન્ન થશે અને તે બધા રાજાઓ ઉપર જીત મેળવશે. પરંતુ ભૂલથી સત્ળવતીએ તેની માતાનો ચરુ ખાધો અને સત્યવતીની માતાએ સત્યવતીનો ચરુ ખાધો. જ્યારે ઋચિકને આ વાતની ખબર પડી, ત્યારે તેણે સત્યવતીને કહ્યું કે, આ તો ઊલટું થઈ ગયું તમારા ગર્ભથી જે બાળક ઉત્પન્ન થશે તે મહાન ક્રૂર, પ્રચંડ ક્ષાત્રતેજથી યુક્ત હશે અને તમારી માતાના ગર્ભથી જે પુત્ર થશે તે પરસ શાંત, તપસ્વી અને બ્રાહ્મણના ગુણોથી

યુક્ત હશે. સત્યવતીએ બહુ જ વિનતિ કરી કે, મારો પુત્ર એવો ન થવો જોઈએ, ભલે મારો પૌત્ર તેવો થાય વનપર્વમાં આ કથા એમ આપવામાં આવી છે કે: એક દિવસે સત્યવતીના ગર્ભથી જમદગ્નિની ઉત્પત્તિ થઈ, જે તપ અને સ્વધ્યાયમાં અદ્વિતીય હતા. તેણે સમસ્ત વેદવેદાંગનો અને ધનુર્વેદનો અભ્યાસ  કર્યો. પ્રસેનજિત રાજાની કન્યા રેણુકા સાથે તેના વિવાહ થયા, રેણુકાના ગર્ભથી પાંચ પુત્રો થયા: સમન્વાન, સુષેણ, વસુ, વિશ્વાવસુ અને રામ અથવા પરશુરામ. એક દિવસ રેણુકા સ્નાન કરવાને નદીએ ગઈ હતી. ત્યાં તેણે રાજા ચિત્રરથને પોતાની સ્ત્રી સાથે જલક્રીડા કરતો જોયો અને કામવાસનાથી ઉદ્વિગ્ન થઈ ઘેર આવી. જમદગ્નિ તેની આ દશા જોઈને બહુ જ ગુસ્સે થયા અને પોતાના પુત્રોને રેણુકાનો વધ કરવા આજ્ઞા કરી, પરંતુ સ્નેહવશને લીધે કોઈનાથી તેમ થઈ શક્યું નહિ. તેવામાં પરશુરામ આવ્યા. પરશુરામે આજ્ઞા

મળતાં જ માતાનુ મસ્તક કાપી નાખ્યું તેથી જમદગ્નિએ પ્રસન્ન થઈને વરદાન માગવાનું કહ્યું. પરશુરામે કહ્યું કે, પહેલા તો મારી માતાને સજીવન કરો પછી એ વરદાનો આપો કે, હું પરમાયુ પ્રાપ્ત કરૂં અને યુદ્ધમાં મારી સામે કોઈ ટકી શકે નહિ. જમદગ્નિએ તેમ જ કર્યું. બાળપણમાં રેણુકા માતાના હાથ નીચે તેણે શિક્ષણ લીધું હતું. ભીષ્મ અને દ્રોણાચાર્યે પરશુરામ પાસેથી ધનુર્વિદ્યાનું શિક્ષણ લીધું હતું. શિવે પરશુરામને પોતાનું ત્ર્યંબક નામનું ધનુષ્ય આપીને કહ્યું હતું કે, જ્યારે એ ધનુષ્ય ભાંગશે ત્યારે તારૂં તેજ જશે અને રામાવતાર થશે. એ ભવિષ્યવાણી ત્રેતાયુગને અંતે ખરી પડી હતી. એક વાર સહસ્ત્રાર્જુન નામનો રાજા જમદગ્નિ ઋષિ પાસેથી બળાત્કારે કામધેનું ગાળ લઈ ગયો. પરશુરામ તે વખતે યાત્રામાં હતા. જ્યારે તેને એ વાતની જાણ થઈ, ત્યારે તેણે સહસ્ત્રાર્જુન સાથે યુદ્ધ કર્યું. સહસ્ત્રાર્જુનના હજાર હાથ કાપીને તેને ઠાર કર્યો. ગાયને પાછી તે આશ્રમમાં લાવ્યા. ચક્રવર્તી રાજાની હત્યાની ભૂલનું નિવારણ કરવા અને માતાની હત્યાનો દોષ નિવારવા પોતાના ભાઈઓ સહિત પરશુરામ યાત્રાએ ગયા. પાછળથી સહસ્ત્રાર્જુના સો પુત્રોએ આવી જમદગ્નિને મારી નાખ્યાં. રેણુકાએ વિલાપ કરતાં કરતાં એકવીશ વાર છાતી કૂટી પરશુરામને યાદ કર્યા. યાદ કરતાં જ પરશુરામે પોતાના યોગબળથી તે જાણી લીધું. તેને બહુ ક્રોધ ચડ્યો અને એકવીશ વાર પૃથ્વી ઉપરના બધા ક્ષત્રિયોને મારી પિતાનું વેર લેવાની અને તેના લોહીથી પિતૃતર્પણ કરવાની પ્રતિજ્ઞા કરી અને પછી આશ્રમમાં આવ્યાં. માતાનો શોક ટાળવા પ્રથમ પિતાને સજીવન કર્યા અને પછી સંહાર કરવી નીકળી પડ્યા. સ્થળે સ્થળે યુદ્ધ મચાવી મૂક્યું. સહસ્ત્રાર્જુનના સોએ પુત્રોને ઠાર કર્યા. જે ક્ષત્રિયો ભયથી નાશી આવી રેણુકા માતાને શરણે ગયા અને જીવતદાન માગ્યું તેને રેણુકા માતાની સ્તુતિથી બચાવ્યા. તે સિવાય સર્વનો નાશ કર્યો. પછી તેમના લોહીથી પિતૃઓનું તર્પણ કરી તેમને તૃપ્ત કર્યા. પોતે ન્યાયી હતા. જે ક્ષત્રિય રાજાઓ નમી ગયા હતા, તેમના હકદારોને રાજ્ય પાછાં સોંપી દીધાં હતાં અને બાકીની ભૂમિ કશ્યપ ઋષિને દાનમાં આપી પોતે તપ કરવા ગયા. તોપણ કોઈ સ્થળે ઉન્મત્ત ક્ષત્રિય જણાતો તો તરત જ જઈ તેને મારી નાખતા અને યોગ્ય પુરુષને રાજ્ય આપતા. કેટલેક કાળે કશ્યપ ઋષિએ તેને પોતાની ભૂમિમાં આવવાની ના પાડી, તેથી તે ભરતભૂમિ બહાર સમુદ્રતીરે કેટલીક જમીન મેળવી ત્યાં રહ્યા અને તે દેશનું નામ શૂર્પારક પાડ્યું. હાલ તે કોંકણ કહેવાય છે. એ રીતે પરશુરામે એકવીશ વાર પૃથ્વી નક્ષત્રો કરી અને શાંત થયા. પછી ત્રેતાયુગને અંતે જનકના દરબારમાં શિવધનુષ્યનો ભંગ થયાના સમાચાર જાણી તેનો ગર્વ ઉતારવા તૈયાર થયા. તેવામાં વળી નારદજીએ આવી તેમને રામ સામે ઉશ્કેરવા પ્રયાસ કર્યો.

તેનાથી રામ સામે યુદ્ધ કરવા પ્રેરાઈ પરશુરામે રામને ઘણા બાણો માર્યાં, પણ રામને તે વાગ્યા નહિ. તેથી પરશુરામે જાણી લીધું કે એ વિષ્ણુનો અવતાર છે. પછી તે રામને ભેટી પડ્યા. રામે તેનું તેજ હરી લીધું. પરશુરામની આજ્ઞાથી રામે તેના મૃત્યુમાર્ગમાં એક બાણ માર્યું, જેથી પરશુરામ અમર થયા અને રામને નમન કરી તેઓ તપશ્ચર્યા કરવા ગયા. એ મહાન રાજર્ષિ તપ કરતા હતા, તેને કાશીરાજની કન્યા અંબા હસ્તિનાપુર તેડી લાવી. તેણે ભીષ્મને તે કન્યા સાતે પરણવા સમજાવ્યા, પણ ભીષ્મે માન્યું નહિ. તેથી એ ગુરૂ શિષ્ય વચ્ચે જબરૂં યુદ્ધ થયું. તેમાં એ મહર્ષિ હાર્યા. તે ઉપરથી જણાય છે કે એનો પ્રથમ જે શોર્યનો જુસ્સો હતો, તે પાછળથી શાંત થયો હતો. ત્યાર બાદ તેમણે નિરંતર તપ જ કર્યા કર્યું. તે ચિરંજીવી મનાય છે અને હજુ મંદરાચળ પર્વત ઉપર તપ કરે છે એવું અનેક ગ્રંથોમાં કહેલું છે. તેમનો જન્મ પાર્થિવ સંવત્સર ઉત્તરાયણ, વૈશાખ સુદિ ૩, સોમવાર, રોહિણી નક્ષત્ર, સુકર્મા યોગ, રાત્રિ ઘટી નવ, પળ એકને સમયે થયો હતો. પરશુ અથવા ફરશી તેમને વરુણ પાસેથી ભેટ તરીકે મળી હતી. કેટલાકનું એવું માનવું છે કે પરશુરામે સમુદ્રને પાછા કાઢ્યો અને પશ્ચિમઘાટમાં તેની કુહાડી વતી ઘા પાડ્યા. તેણે ઉત્તરમાંથી બ્રાહ્મણો આણ્યા હોય એવી માન્યતા છે. પરશુરામને ખંડપરશુ અથવા ન્યક્ષ એ નામની પણ ઓળખવામાં આવે છે. શસ્ત્રાસ્ત્રમાં અદ્વિતીય થવાના હેતુથી કર્ણ એ વિદ્યા પરશુરામ પાસે શીખવા બ્રાહ્મણનો વેષ ધારણ કરીને ગયો હતો. પાછળથી જ્યારે કર્ણ ક્ષત્રિય છે એવી ખબર પરશુરામને પડી, ત્યારે તેણે તેને શાપ આપ્યો કે તેં શીખેલ વિદ્યા તને અણીને વેળાએ કામ નહિ આવે. ઓંકારેશ્વરના મંદિર નજીક પરશુરામ અને કિરાતાર્જુન વચ્ચે પણ લડાઈ થયાનું કહેવાય છે.

અહલ્યા

ગૌતમ ઋષિની સ્ત્રી; પાંચ મહાસતીમાંની એ નામની એક. તે બ્રહ્મદેવની ઘણી જ સૌંદર્યવાળી માનસ કન્યા હતી. એને પરણવાને દેવો માંહોમાંહે લડવા લાગ્યા. એ જોઈ બ્રહ્માએ કહ્યું કે જે કોઈ એક દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા કરી આવે તેને તે પરણશે. ગાય પૃથ્વીનો અવતાર મનાતી હોવાથી ગૌતમ ઋષિ એ ત્રણ વાર ગાયની પ્રદક્ષિણા કરી અને તેને પરણ્યા. દેવોનો રાજા ઈંદ્ર તેના ઉપર મોહી પડ્યો હતો તેથી ગૌતમનું રૂપ લઈ તેણે અહલ્યાનું શિયળ ભંગ કર્યું. ઋષિએ આથી ઈંદ્રને શાપ આપ્યો કે તારે શરીરે હજાર યોનિ આકારનાં કાણાં પડશે અને તું

નપુંસક થઈ હમેશ કામથી બળ્યા કરીશ. ઈંદ્ર તરફથી દેવતાએ સ્તુતિ કરી ત્યારે ગૌતમે ઉશાપ કર્યો કે કાણાંની જગ્યાએ હજાર આંખ થશે. એથી એનું નામ સહસ્ત્રાક્ષ પડ્યું. અહલ્યાને ગૌતમે શિલા થઈ જવાનો શાપ આપ્યો. પરંતુ ખરી હકીકત જાણવાથી અને અહલ્યાની આજીજીથી શાપનું નિવારણ એમ કર્યું કે રામ જ્યારે વનમાં આવશે ને તેમનો પગ તને અડશે ત્યારે પાછી તું સ્ત્રીપણાને પામીશ. એ પ્રમાણે થયા પછી ગૌતમ અને અહલ્યાએ ઘણાં વર્ષ સુખ ભોગવ્યું હતું.

નિષાદ

આર્ય લોકો આવ્યા તે પહેલાં હિંદમાં વસતી એ નામની એક અનાર્ય જાતિ. આ જાતિના લોકો શિકાર કરતા, માછલાં મારતા તથા લૂંટફાટ કરતા. અગ્નિપુરાણમાં લખ્યું છે કે: જે વખતે વેણુ રાજાની જાંઘ મથવામાં આવી ત્યારે તેમાંથી કાળા રંગનો એક નાનો આદમી નીકળ્યો. આ પુરુષ આ વંશનો આદિપુરુષ હતો. પણ મનુના મત પ્રમાણે આ જાતિની ઉત્પત્તિ બ્રાહ્મણ પિતા અને શુદ્ર માતાથી થઈ છે. મિતાક્ષરામાં આ જાતિને ક્રૂર અને પાપી કહી છે. રામે તેમની સાથે ભ્રાતૃભાવ દાખવી તેમનો ઉદ્ધાર કર્યો હતો. તેઓની વસતી કાનપુર જિલ્લામાં વિશેષ છે. તે નિખાદ નામથી ઓળખાય છે. હાલમાં તેઓ કૃષિજીવી છે.

શ્રવણ

અંધ માબાપને કાવડમા બેસાડી તીર્થયાત્રા કરાવનાર અંધક મુનિનો પુત્ર. આત્મકથામાં ગાંધીજી લખે છે કે: પિતાશ્રીએ ખરાદેલું એક પુસ્તક મારી નજરે પડયું. એ `શ્રવણપિતૃભકિત નાટક` . આ વાંચવાનું મને મન થયું તે હું અતિશય રસપૂર્વક વાંચી ગયો. એ જ દિવસમાં કાચના ચિત્રો દેખાડનારા ઘેર પણ આવતા. તેમની પાસેથી શ્રવણ, પોતાનાં માતાપિતાને કાવડમાં બેસાડી યાત્રા કરવા લઈ જાય છે એ દશ્ય પણ મે જોયું. બંને વસ્તુની મારા ઉપર છાપ પડી. મારે પણ શ્રવણ જેવા થવું એમ મનમાં થાય. શ્રવણના મૃત્યુનો તેના માતાપિતાનો વિલાપ હજુ યાદ છે. એ લલિત છંદ મેં તો વાજામાં યે ઉતાર્યો.

શુક

કૃષ્ણદ્વૈપાયન વ્યાસનો પુત્ર; શુકદેવજી ઘૃતાચી નામની અપ્સરા શુકી પોપટીનું રૂપ લઈને ભૂમિ ઉપર ફરતી હતી. તે દિવ્ય રૂપ ધારણ કરેલ એક વખત વ્યાસની દ્રષ્ટિએ પડી, તેને જોઈને વ્યાસનું વીર્ય પડયું. તેમાંથી થયેલા પુત્રનું નામ શુક પડયું. વ્યાસને આ પુત્ર શિવના પ્રસાદથી થયો હતો. એ જન્મથી જ જ્ઞાની હતો; પરંતુ તેનામાં પોતાના જ્ઞાનનું સહેજ ઘમંડ હતું. તેથી વ્યાસે તેને આજ્ઞા કરી કે, તુ પ્રથમ જનક રાજા પાસે જઈને પછી તારે જવું હોય ત્યાં જજે. તે ઉપરથી એ બહુલાશ્વ જનકની પાસે ગયો. ત્યાં જતાં તેને પોતાના જ્ઞાનનું ઘમંડ ઊતરી જઈ એ અભિમાન રહિત થયો. કૃષ્ણદ્વૈપાયને કૃષ્ણચરિત્રવાળું ભાગવત તેણે આગળ ઉપર પરીક્ષિત રાજાને સંભળાવ્યું હતું. તેણે મહાભારતનું જ્ઞાન ગંધર્વ યક્ષ રાક્ષસને આપ્યું તે મોટો બાળ બ્રહ્મચારી અને વિદ્વાન મનાય છે.

અત્રિ

બ્રહ્મદેવે ચાલુ વૈવસ્વત મન્વંતરમાં ફરી ઉત્પન્ન કરેલ પુત્રમાંનો એ નામનો એક. પૂર્વે પેદા કરેલ બધા માનસપુત્રો મહાદેવના શાપથી મરણ પામતાં બ્રહ્મમદેવે કરેલ યજ્ઞના અગ્નિની શિખામાંથી એ ઉત્પન્ન થયો હતો. આ અવતારે પણ એને અનસૂયા સ્ત્રી હતી. એમને દત્ત, દુર્વાસા, સોમ અને અર્યમા એવા ચાર પુત્ર અમલા નામની બ્રહ્મનિષ્ઠ પુત્રી હતી. દંડકારણ્યમાં રામ આ ઋષિને આશ્રમે ગયા હતા. એણે રામનું આદરસહિત આતિથ્ય કર્યું હતું અને અનસૂયાએ સીતાની પરોણાચાકરી કરી તેને પાતિવ્રત્ય સંબંધી નીતિ સમજાવી હતી. એના વંશની વૃદ્ધિ નવ ઋષિ વડે થઈ હતીઃ અત્રિ, ગવષ્ઠિર, બાહુતક, મુદ્દગલ, અતિથિ, વામરથ્ય, સુમંગલ, બીજવાપ અને ધનંજય. એના કુળમાં કુલ છ મંત્રદૃષ્ટા હતાઃ અત્રિ, અર્દ્ધસ્વન, શ્યાવાશ્વ, ગવિષ્ઠિર, કર્ણક અને પૂર્વાતિથિ.

અનસૂયા

કર્દમ મુનિની અને અત્રિ ઋષિની પત્ની. તે પરમ પતિવ્રતા અને મહાતપસ્વિની હતી. વનવાસ દરમ્યાન રામચંદ્રજી અત્રિ ઋષિના આશ્રયમાં ગયા હતા ત્યારે અનસૂયાએ સીતાજીને પતિવ્રતાના ધર્મનો ઉત્તમ ઉપદેશ આપ્યો હતો. એક વખત દસ વર્ષ લગી વરસાદ ન આવવાથી દુકાળ પડેલ તેથી એણે પોતાના તપોબળ વડે ફલ, મૂળ અને પાણી ઉત્પન્ન કરીને

ઘણાં પ્રાણીને ઉગાર્યાં હતાં. એમ પણ કહેવાય છે કે માંડવ્ય ઋષિને શૂળી પર ચઢાવ્યા હતા, તે વખત રાત્રિના અંધકારને લીધે એક ઋષિપત્નીના શરીરનો ધક્કો શૂળીને લાગ્યો. આથી પીડાઈને ઋષિને એને શાપ આપ્યો કે તું સૂર્યોદય થતાં જ વિધવા થઈશ. અનસૂયાએ આ સાંભળી સૂર્યોદય જ થવા દીધો નહિ. અંધકાર વડે પ્રાણી માત્રનો વ્યવહાર અટકી પડ્યો. હવે શું કરવું એનો વિચાર કરતાં એ શાપિત ઋષિપત્ની અનસૂયાની સખી છે એમ જણાયું. પછી દેવોને આગળ કરીને બધા ઋષિ અનસૂયાને શરણે આવ્યા અને એને સઘળી હકીકત જણાવી. બધાની વિનતિ ઉપરથી એણે પોતાની તપોબળ વડે પોતાની સખીને વૈધવ્ય આવતું રોકી સૂર્યોદય થવા દઈ જગતને સુખી કર્યું હતું. એક દંતકથા પ્રમાણે તેના પાતિવ્રત્યની કસોટી કરવા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આવ્યા હતા, અને નગ્ન થઈ ભિક્ષા આપવાની તેની પાસે તેઓએ માગણી કરી હતી. આથી સતીએ પોતાના પાતિવ્રત્યના પ્રભાવથી તેમને પત્નીઓની આજીજી પરથી તેમને પાછા મૂળ રૂપમાં આણ્યા હતા.

સ્વયંપ્રભા

હેમા નામની અપ્સરાની સખી. હેમાને મયાસુરે એક મહેલ બનાવીને ત્યાં રાખી તેને જોડે ચેન કરતો હતો. આગળ જતાં મયાસુરને ઇંદ્રે ત્યાંથી કાઢી મૂક્યો ને હેમા સ્વર્ગમાં ગઈ. જતી વખતે પોતાને માટે નિર્માણ કરેલું સ્થળ સ્વયંપ્રભાને આપતી ગઈ. અંગદ વગેરે વાનરો સીતાની ખોળ કરવા જતા હતા તે વખતે સ્વયંપ્રભાને મળવાથી એણે તેમની આગતાસ્વાગતા કરી હતી. પછી તેમને આંખ ચીંચવાનું કહી એક ક્ષણમાં સમુદ્ર તીરે પહોંચાડી દીધા હતા. તે દિત્ય ગંધર્વની કન્યા હતી. વિષ્ણુ ભગવાનના દર્શન અર્થે ગુફામાં રહીને તપસ્યા કરતી હતી. હનુમાનજીને સીતાની ગોત કરવા જતાં તૃષા લાગી. તે વખતે પાણી પીવા તે તેની ગુફામાં ગયા હતા અને તેની સાથે તેમની મુલાકાત થઈ હતી.

## રાવણ

બ્રહ્મમાનસપુત્ર પુલસ્ત્ય ઋષિનો પૌત્ર; વિશ્રવા ઋષિને કૈકસી નામની ભાર્યાની કૂખે થયેલા ત્રણ માંહેનો મોટો દીકરો; રવણનો પુત્ર. એક વખતે લંકામાં વિષ્ણુને રાક્ષસોની સાથે યુદ્ધ થયું હતું

તેમાં રાક્ષસો હારીને પાતાળમાં ચાલ્યા ગયા હતા. તે રાક્ષસોમાં સુમાલી નામનો એક રાક્ષસ હતો. તેને કૈકસી નામની સુંદર કન્યા હતી. સુમાલીએ વિચાર્યુ કે, આ કન્યાના ગર્ભથી પુત્ર ઉત્પન્ન કરાવીને વિષ્ણુ પાસેથી બદલો લેવો જોઇએ. એટલા માટે પોતાની કન્યાને પુલસ્ત્યના પુત્ર વિશ્રવા પાસે સંતાન ઉત્પન્ન કરાવવામા માટે મોકલી. વિશ્રવાના વીર્યથી કૈકસીના ગર્ભથી પહેલો પુત્ર આ રાવણ થયો. તેને જન્મથી જ દશ માથાં હતા. તેનું મૂળ નામ દશકંરધર હતું. તેનું રૂપ બહુ જ વિકરાલ હતું અને સ્વભાવ ઘણો જ ક્રૂર હતો. એક દિવસ કુબેરને જોઇને રાવણે પ્રતિજ્ઞા કરી કે, હું પણ તેના જેવો સંપન્ન અને તેજવાન બનીશ. તેથી તે પોતાના ભાઇઓને સાથે લઇને ગોકર્ણ ક્ષેત્રમાં ઘોર તપશ્ચર્યા કરવા લાગ્યો. ત્યાં દશ હજાર વર્ષ સુધી તપશ્ચર્યા કરવા છતાં પણ મનોરથ સિદ્ધ ન થતો જોઇને તેણે પોતાનાં દશ મસ્તક કાપીને અગ્નિમાં નાખ્યા. ત્યારે બ્રહ્માએ પ્રસન્ન થઇને તેને વરદાન દીધું કે; દેવ, દૈત્ય, દાનવ, યક્ષ વગેરેમાંથી કોઇ તને મારી શકશે નહિ. ત્યારબાદ સુમાલીએ રાવણને લંકા ઉપર અધિકાર જમાવવાનું કહ્યું. તે સમયે લંકા ઉપર કુબેરનો  અધિકાર હતો. રાવણને બળવાન જોઇને તથા વિશ્રવાની આજ્ઞાથી કુબેર તો લંકા છોડીને કૈલાસ ચાલ્યા ગયા અને રાવણે લંકા ઉપર અધિકાર પ્રાપ્ત કર્યો. તેણે મયદાનવની કન્યા મંદોદરી સાથે વિવાહ કરી લીધા. બ્રહ્માના વરદાનના પ્રભાવથી રાવણે ત્રણે લોક જીતી લીધા અને ઇંદ્ર, કુબેર, યમ વગેરેને હરાવ્યા. હવે તેનો અત્યાચાર વધી પડ્યો હતો. તે બધાને ઘણો સતાવવા માંડ્યો અને લોકોની કન્યાઓ અને પત્નીઓનું હરણ કરવા લાગ્યો. તેણે કુબેરને હરાવી તેની પાસેથી પુષ્પક વિમાન લઈ લીધું હતું. એક વખત પુષ્પક વિમાનમાં બેસી તે કૈલાસ પર્વત નજીક ગયો. ત્યાં નંદીનું વાનર જેવું મુખ અને ટૂંકડા હાથ જોઇ રાવણે ઉપહાસભર્યું હાસ્ય કર્યું. તેથી નંદીએ તેને સાપ દીધો કે વાનરો જ તારો નાશ કરશે. તેથી ગુસ્સે થઇને કૈલાસ શિખર ઊચકવાનો યત્ન કરવા લાગ્યો. ત્યારે શિવે શિખરને દબાવતાં રાવણના હાથ પર્વત તળે ચગદાયાથી તે બૂમો પાડવા માંડ્યો. છેવટે તેણે શિવનું સ્તવન હજાર વર્ષ સુધી કર્યું. આ સ્તવન અને રુદનથી દિશાઓ ગૂંજી રહી તેથી મહાદેવે તેનું નામ રાવણ પાડ્યું અને તેને મુક્ત કર્યો. રામચંદ્રજી સીતા અને લક્ષ્મણ સહિત જ્યારે પંચવટીમાં રહેતા હતા. ત્યારે રાવણ કપટથી સીતાનું હરણ કરી ગયો. રામ વારોના સૈન્ય સાથે લંકા ઉપર ચડી આવ્યો. યુદ્ધની અંદર ઇંદ્રજિત, કુંભકર્ણ આદિ સર્વ રાક્ષસો મરણ પામતાં છેવટે પોતે પણ મરાયો. રાવણ મરણ પામ્યો ત્યારે ચૌદમી ચોકડીનો આરંભ થયો હતો. અગિયારમી ચોકડીમાં તેનો જન્મ થયો હતો. તેને વેદ બહુ સરસ આવડતા હતા. તેણે ચારે વેદના અધ્યાય પ્રમાણે ખંડ બાંધ્યા તેમજ

અધ્યયનમાં ભૂલ ન થાય માટે ક્રમ, ધન અને જટાની યોજના પણ એની જ કલ્પનામાંથી ઉદ્ભવ્યાં હશે એમ જણાય છે. તે મોટો ગવૈયો હતો અને સંગીતનો મહાન આશ્રયદાતા ગણાતો.

વિભીષણ

રાવણનો ભાઈ. વિશ્રવા નામના ઋષિની કૈકસી નામની સ્ત્રીને પેટે થયેલ પુત્રોમાં વિભીષણ સૌથી નાનો હતો. તે શૈલુપ નામના ગંધર્વની સરમા નામની કન્યાને પરણ્યો હતો. રામચંદ્રજીનો તે શરણાગત ભક્ત હતો. રામે રાવણને માર્યા પછી લંકાની ગાદી વિભીષણને આપી હતી.

કુંભકર્ણ

રાવણનો નાનો ભાઈ. તે પુલસ્ત્યપુત્ર વિશ્રવા ઋષિનો પુત્ર હતો તેની માતાનું નામ કેકસી હતું. જન્મતી વખતે એ મોટા પર્વત જેવડો અને ભયંકર હતો. જન્મતાં જ પ્રજામાંથી એક હજારને તે ખાઈ ગયો હતો. એના કદ માટે એમ કહેવાય છે કે જો તે સમુદ્રના મધ્યમાં ઊભો રહે તો સમુદ્રનું પાણી તેને કેડ સુધી આવતું. જ્યારે તે ઊંચો શ્વાસ લેતો ત્યારે બાર જોજન સુધીનાં પ્રાણીઓ તેના નાકમાં ભરાઈ જતાં અને જ્યારે નીચો શ્વાસ મૂકે ત્યારે તે સઘળાં તેટલાં જ દૂર પડતાં. ઇંદ્ર ઐરાવત ઉપર બેસીને એના ઉપર ધસી આવ્યો. એણે ઐરાવતનો એક દાંત ઊખેડી નાખ્યો અને એ દાંત દાંતે એને એટલો માર્યો કે ઇંદ્રે ત્યાંથી પલાયન કર્યું. પછી ઇંદ્ર બ્રહ્મદેવ પાસે ગયો અને કુંભકર્ણના અદ્ભૂત કર્મો વર્ણવ્યાં. તેથી બ્રહ્મદેવે એને શાપ આપ્યો કે એ હમેશા ઊંઘેલો જ રહેશે. આ વાતની રાવણને ખબર પડતાં તેણે બ્રહ્મદેવની સ્તુતિ કરી તેથી તેણે કહ્યું કે છ મહિનામાં એક દિવસ તે જાગતો રહેશે. પોતા ઉપર થયેલા ક્રોધનું નિવારણ કરવાને માટે અને અપાર ઐશ્વર્ય મેળવવાને માટે એણે ગોકર્ણક્ષેત્રમાં દશ હજાર વર્ષ ઉગ્ર તપ કર્યું. બ્રહ્મદેવ પ્રત્યક્ષ થયા અને દેવતાઓએ તેને વિચારીને વરદાન આપવા કહ્યું તેથી સરસ્વતીને કુંભકર્ણની જીભ ઉપર બેસવા કહ્યું. બુદ્ધિ ભ્રષ્ટ થવાને લીધે ઇંદ્રાસનને બદલે નિંદ્રાસન ભૂલથી મગાઈ ગયું. વરદાન મળ્યું અને તે સફળ થયું. પાછળથી તેણે મહાદેવની પ્રાર્થના કરી ત્યારે તે વરદાન ફક્ત છે માસ ઊંઘ અને છ માસ જાગૃતિમાં ફેરવવામાં આવ્યું હતું. વિરોચનના પુત્ર બલિએ પોતાની દૌહિત્રી વજ્રજ્વાલા એની સાથે પરણાવી. રાવણે એના માટે એક યોજન પહોળું અને બે યોજન લાંબું

એવું એક મંદિર કરાવ્યું. એ મંદિરમાં એ નિરાંતે ઊંઘે એવી આજ્ઞા કરી. આ મંદિરમાં એ છ મહિના ઊંઘતો. છ મહિના પછી જે દિવસે તે જાગે તે દિવસે એને માટે રાખેલી અપરિમિત અન્નની રસોઈ, માંસ વગેરે ખાતો, દારુ પીતો, તેમ જ વિષય ભોગવતો અને વખતે સભામાં પણ આવતો. રામ લક્ષ્મણ જ્યારે લંકા ઉપર ચડી આવ્યા ત્યારે રાવણે તેને ઉઠાડવા માટે રાક્ષસોને મોકલ્યા.જ્યારે તેઓએ તેને ઢંઢોળ્યો, શંખ ફૂંક્યા, ભેરી વગાડી અને હાથી આદિ પશુઓને એના ઉપર દોડાવ્યા ત્યારે તે ઊઠ્યો. તેણે મૃગ, મહિષ, વરાહ વગેરેને ખાઈને અને હજાર ઘડા દારૂ પીને લડવા જવાની તૈયારી કરી પ્રથમ સીતાને હરી લાવવાની હકીકત સાંભળીને ગુસ્સે થયો પણ પાછળથી રામ સામે યુદ્ધમાં ગયો. વાનરો એને જોઇને નાસવા લાગ્યા. અંગદના પ્રોત્સાહનથી તેઓ પાછા ફર્યા, પણ સાતસો, આઠસો વાનરોને એક સાથે બાથમાં પકડીને કુંભકર્ણ ભોંય ઉપર પછાડતો, દશ વીશને પકડીને મોઢામાં નાખીને ચાવીને ખાઈ જતો. કેટલાક વાનરો તો કુંભકર્ણને લાગે કે તે ખાઈ ગયો છે પરંતુ ચવાયા વગરના રહી જતા તે કાન અને નાકનાં છિદ્રોમાંથી નીકળીને નાસવા મંડી જતા. આમ કેટલાક વખત પછી એક વખત અંગદે આવીને એક પર્વત એના માથા ઉપર નાખ્યો. એ પર્વતને ચુકાવી દઇને એણે અંગદને પકડ્યો અને મૂર્છા પમાડ્યો. પછી સુગ્રીવે એનું નાક કરડી ખાધું તેથી એને જોરથી ભોંય ઉપર પછાડ્યો. પછી તે રામ સામે ગયો. રામે એની સાથે ઘોર સંગ્રામ કરી એના હાથ કાપી ભોંય ઉપર પાડ્યો, તેના પગ ઉડાવી દીધા અને પછી તેનું મસ્તક પણ ઉડાવી દીધું.

મહાપાર્શ્વ

વિશ્રવા ઋષિને પુષ્પોત્કટાથી થયેલો એ નામનો એક રાક્ષસ. તે રાવણનો ઓરમાન ભાઈ અને અમાત્ય હતો. તેને અંગદે યુદ્ધમાં માર્યો હતો.

મહોદર

વિશ્રવા ઋષિને પુષ્પોત્કટાથી થયેલા પુત્રોમાંનો એક. તે રાવણનો ઓરમાન ભાઈ અને સચિવ હતો. તેનું યુદ્ધોન્મત્ત એવું નામ હતું. તેને યુદ્ધમાં નીલ વાનરે માર્યો હતો.

શૂર્પણખા

રાવણની એ નામની બેન; વિશ્વા ઋષિને કૈસીથી થયેલી પુત્રી. તેને કાલકેય અસુરોના અધિપતિ વિધુજ્જિવ્હાને રાવણે પરણાવી હતી. તેનાં નાક અને કાન લક્ષ્મણે કાપી નાખ્યાં હતાં. પરંતુ વિધુજ્જિવ્હા એક યુદ્ધમાં રાવણને હાથે જ મરણ પામવાથી રાવણે તેને સંતોખવા દંડકારણ્યનું રાજ આપ્યું હતું. દંડકારણ્યમાં તેણે ઋષિઓને અનેક પ્રકારે સતાવવા માંડ્યા. તેવામાં રામ લક્ષ્મણ ત્યાં પંચવટીમાં રહેવા આવ્યા. રામનું સૌદર્ય જોઈને તેના પર તે મોહિત થઈ ગઈ અને તેણે રામને પોતાનો સ્વીકાર કરવાનું કહ્યું. રામે તેને લક્ષ્મણ પાસે મોકલી. લક્ષ્મણે તેનાં નાક કાન કાપી નાખ્યાં. તેથી તેણે પોતાના સહાયક રાખરને આ વાત જાહેર કરી ખર રામ પર ચડી આવ્યો પણ તે માર્યો ગયો. ત્યાર પછી શૂર્પણખા લંકામાં ગઈ અને રાવણને રામની વિરૂધ્ધ ઉશ્કેર્યો. અને સીતાના સૌદર્યના ખૂબ વખાણ કર્યાં.

મારીચ

સુંદ રાક્ષસથી તાડકા રાક્ષસીને થયેલ બે માંહેનો મોટો પુત્ર. તે દશ હજાર હાથીઓના બળવાળો હતો, તેથી તે સુમાલી રાક્ષસના ચાર માંહેનો એક અમાત્ય હતો તે વિશ્વામિત્ર ઋષિના યજ્ઞમાં પોતાના ભાઈ સુબાહુ સાથે વિઘ્ન કરતો. રામચંદ્ર ભગવાને તેના ભાઈને માર્યા પછી એ રાવણનો આશ્રિત થઇ લંકામાં જ રહ્યો. રાવણને સીતાજીનું હરણ કરવાની દુર્બુદ્ધિ ઉત્પન્ન થતાં રાવણના કહેવાથી તેમ જ તેના દબાણથી મારીચે સીતાહરણમાં મદદ કરવા કનકમૃગનું રૂપ લીધું હતું. તેણે સીતાજીનાં મનમાં આના જેવા જ ચામડાની કંચુકી મારે જોઈએ એવી લોભબુદ્ધિ ઉત્પન્ન કરી. રામચંદ્રજીએ તે મૃગની પાછળ પડી તેને બાણ વતી મારી નાખ્યો, પરંતુ મરણ સમયે હે લક્ષ્મણ ધાઓ, હે લક્ષ્મણ ધાઓ, એવા માયાવી દીન પોકાર કર્યા, જે સાંભળવાથી સીતાએ લક્ષ્મણજીને રામની વહારે મોકલ્યા. આ સંધિનો યોગ સાધી રાવણે સીતાજીનું હરણ કર્યું.

મંદોદરી

મય દાનવ અને હૈમા અપ્સરાની દીકરી; રાવણની સ્ત્રી. તેને મેઘનાદ અને અક્ષયકુમાર નામના પુત્ર હતા.

મેઘનાદ (ઇન્દ્રજિત)

રાવણ અને મંદોદરીનો પુત્ર; ઈંદ્રજિત. તેની સ્ત્રીનું નામ સુલોચના હતું. એક વખત ઈંદ્રે યુદ્ધમાં રાવણને બાંધી લીધો હતો પણ મેઘનાદે ઈંદ્ર સાથે યુદ્ધ કરી પોતાના પિતાને છોડાવ્યા હતા અને ઈંદ્રને બાંધીને લાવ્યો હતો. તેને એવું વરદાન હતું કે જેણે બાર વર્ષ નિદ્રાનો ત્યાગ કર્યો હશે, અખંડ બ્રહ્મચર્ય પાળ્યું હશે અને માત્ર ફળ ખાઈ ને રહ્યો હશે તેને હાથે તેનું મોત થશે. આ પ્રમાણે તેને યુદ્ધમાં લક્ષ્મણજીએ માર્યો હતો. તેનું બીજું નામ ઈંદ્રજિત હતું.

અકંપન

એ નામનો રાવણનો એક દૂત. જનસ્થાનમાં શ્રીરામચંદ્રે ખર આદિ રાક્ષસને માર્યાની હકીકત રાવણને એણે કહી હતી. એ રામ-રાવણના સંગ્રામમાં હનુમાનને હાથે મરણ પામ્યો હતો. તેને પ્રહસ્થ અને ધૂમ્રાક્ષ એવા બે ભાઈ હતા. તેના બાપનું નામ સુમાલી અને માતાનું નામ કેતુમાલી હતું. તેને બે બહેન હતી-રાવણની માતા કેકસી અને બીજી કુંભીનસી.

દેવાંતક

રાવણનો એ નામનો એક દીકરો. તેને હનુમાને હણ્યો હતો.

નરાંતક

અંગદે મારેલો રાવણનો એ નામનો એક પુત્ર.

અતિકાય

ઘણા મોટા કદના શરીરવાળો એ નામનો એક રાક્ષસ. તેની મા ધાન્યમાલિની અને બાપ રાવણ હતો. તેણે બ્રહ્મદેવની પૂજા કરી અને જ્યારે તેઓ પ્રસન્ન થયા ત્યારે અસ્ત્ર, કવચ, દિવ્ય રથ અને સુર અથવા અસુરને હાથે મોત ન થાય એવું વરદાન મેળવ્યું હતું. વરુણને તેણે હરાવી વશ કર્યો હતો અને એનો પાશ લઈ લીધો હતો. લક્ષ્મણની સાથે યુદ્ધ કરતાં તે મરણ પામ્યો હ્યો.

પ્રહસ્ત

રાવણનો એ નામનો એક સેનાપતિ. કેતુમતીની કૂખે સુમાલી રાક્ષસને થયેલા દશ માંહેનો એ નામનો મોટો પુત્ર. તે રાવણના સામો થતો હતો. રાવણ બળવાન થયા પછી તે રાવણની ત્રીજા ભાગની સેનાનો અધિપતિ અને મુખ્ય પ્રધાન થયો હતો. તે નિરંતર રાવણના સમાગમમાં રહેતો. રામાયણના યુદ્ધને પાંચમે દિવસે નરાંતક, કુંભહનુ, મહાનાદ અને સમુન્નત એ ચારેની સાથે મળીને તે યુદ્ધ કરવા ગયો હતો. તેમાં એ નીલ વાનરને હાથે મરાયો હતો.

ધૂમ્રાક્ષ

એ નામનો એક રાક્ષસ; રાવણનો એ નામનો એક સેનાપતિ. તે રામ રાવણના યુદ્ધમાં હનુમાનને હાથે માર્યો ગયો હતો.

સુમાલી

રાવણનો માતામહ એક રાક્ષસ. એની સ્ત્રી કેતુમતી હતી.

કેતુમતી

સુમાલી રાક્ષસની સ્ત્રી; રાવણની માતામહી.

કૈકસી

વિશ્રવા મુનિની પત્ની; રાવણ, કુંભકર્ણ, વિભીષણ અને શૂર્પણખાની માતા. તેના બાપનું નામ સુમાલી અને માતાનું નામ કેતુમાલી હતું.

કુંભીનસી

સુમાલી રાક્ષસની સ્ત્રી કેતુમતીની કુખે થયેલી ચાર માંહેની સૌથી નાની કન્યા; રાવણની મા કૈકસીની બહેન.

ધાન્યમાલિની

રાવણને ત્યાં રહેતી એ નામની એક રાક્ષસી. રાવણે સીતાને સમજાવવાનું કામ તેને સોંપ્યું હતું. કેટલાકના મત પ્રમાણે મંદોદરીનું બીજુ નામ ધાન્યમાલિની હતું. એ નામની એક અપ્સરા. કાલનેમિ રાક્ષસ વધ વખતે મારુતિએ એનો ઉદ્ધાર કર્યો હતો.

અક્ષયકુમાર

મંદોદરીથી ઉત્પન્ન થયેલો રાવણનો એ નામનો દીકરો જ્યારે સીતાજીને શોધવા લંકા આવેલ હનુમાન રાવણના પ્રમોદવનનો નાશ કરતો હતો ત્યારે રાવણે હનુમાનને પકડવા માટે તેને મોકલેલ. ત્યાં તે હનુમાનને હાથે માર્યો ગયો હતો.

ત્રિજટા

અશોક વનમાં સીતાની ચોકી કરનારી એ નામની એક રાક્ષસી; વિભીષણની બહેન. પંચવટીમાંથી બળાત્કારે પકડી આણીને રાવણે સીતાને અશોક વનમાં રાખ્યાં હતાં. ત્યાં સીતાના રક્ષણ માટે ત્રિજટાને રાખી હતી. એ દ્વયક્ષી, ત્ર્યક્ષી, લલાટાક્ષી આદિ અનેક રાક્ષસીઓની ઉપરી હતી. એક વખત ત્રિજટાએ સ્વપ્નમાં રાવણ, કુંભકર્ણ અને ઇંદ્રજિતને ગધેડાં અને ઊંટ જેવાં અમંગળ વાહનો ઉપર બેઠેલા અને દક્ષિણ તરફ જતા દીઠા. થોડી વારે એ બધા વાહનો ઉપરથી

નીચે છાણથી ભરેલ ધરામાં બૂડ્યા. વળી એણે તેઓને નાગા, ગાંડા થઈ ગયેલા અને તેલ ચોપડેલા દીઠા. થોડી વારે બીજા સ્વપ્નમાં એણે રામ અને લક્ષ્મણને શ્વેત વસ્ત્ર ધારણ કરેલા, ગજ વગેરે ઉત્તમ વાહનો ઉપર બેઠેલા અને ઉત્તર તરફ જતા દીઠા. આ ઉપરથી એ જાણી ગઈ. એણે નિશ્ચય કર્યો કે, આ સ્વપ્નો રામનો ઉત્કર્ષ અને રાક્ષસોનો વિનાશકાળ સૂચવે છે. ત્યારપછી એ સીતાને કોઈ પણ તરફથી દુઃખ થવા દેતી નહોતી. એણે પોતાનું સ્વપ્ન બીજી રાક્ષસીઓને પણ જાહેર કર્યું, જેથી એ બધી પણ સીતાની સંભાળ લેતી એને કશી પીડા થવા દેતી નહોતી.

ખર

એ નામનો એક રાક્ષસ. તે વિશ્રવા ઋષિનો પુત્ર હતો. તેની માતા રાકા રાક્ષસી હતી. ખર રાવણને ઓરમાન ભાઈ હતો. પૂર્વજન્મે એ યાજ્ઞવલ્ક્યનો પુત્ર ચંદ્રકાંત હતો અને ધનુવિદ્યામાં નિપુણ હતો. રાવણે એને શૂર્પણખાની સાથે જનસ્થાનની રક્ષા માટે ત્યાં રહેવાની આજ્ઞા કરી હતી. દંડકારણ્યમાં વસતા મુનિઓને અનેક પ્રકારે પીડા કરી તે તેમને ખાઈ પણ જતો. એનો ઉપદ્રવ છેક ચિત્રકૂટ પર્વત પર્યંત હોવાની રામચંદ્રજીને ખબર હતી. રામચંદ્રજી જનસ્થાનમાં લક્ષ્મણ અને સીતાની સાથે પંચવટીમાં રહેતા હતા. તે વખતે એક સમયે શૂર્પણખા રામચંદ્રજી પાસે આવી અને તમે મને વરો એમ માગણી કરી. તે ઉપરથી તેમણે લક્ષ્મણદ્વારા તેની ફજેતી કરાવી હતી. જ્યારે ખરની પાસે આવી આ હકીકત કહી વિહ્વળ થઈ તે રડવા લાગી, ત્યારે ખરે રામચંદ્રજીના નાશને માટે ચૌદ હજાર રાક્ષસો મોકલ્યા. રામચંદ્રજીએ સઘળાંનો તત્કાળ નાશ કર્યો. પછી ખર પોતે દૂષણ નામના પોતાના સેનાધિપતિ સાથે એક જબરૂં લશ્કર લઈ નીકળ્યો, પણ અંતે રામચંદ્રજીએ તેનો નાશ કર્યો.

દૂષણ

એ નામનો એક અસુર; ખર નામના રાક્ષસનો એ નામનો એક સેનાપતિ. એને વજ્રવેગ અને પ્રમાથી નામે બે ભાઈ હતા. તે પોતાના ચાર અમાત્યો સહિત જનસ્થાન વિષે રામને હાથે મરણ પામ્યો હતો.

પ્રમાથી

બલાકા રાક્ષસીને વિશ્રવા ઋષિથી થયેલો એ નામનો પુત્ર; દૂષણનો એ નામનો ભાઈ. તેને નીલે માર્યો હતો.

વજ્રવેગ

મારુતિને હાથે મરાએલો એક રાક્ષસ.

તાડકા

વિશ્વામિત્રના યજ્ઞમાં વિઘ્ન કરનાર એક રાક્ષિકા

સારણ

રાવણનો એ નામે એક મંત્રી. તે ભેદ લેવા માટે રામની સેવામાં એક વાર ગયો હતો.

સિંહિકા

કશ્યપને દિતિની કૂખે થયેલી કન્યા. એ હિરણ્યકશિપુની બહેન હતી અને વિપ્રચિતિ નામના દાનવને પરણી હતી. જ્યારે હનુમાન સીતાની શોધ કરવા સમુદ્ર કૂદી જતા હતા તે વખતે આણે સમુદ્રના જળ ઉપર હનુમાનનો પડછાયો પડેલો દીઠો. એ પડછાયાનું આકર્ષણ કરીને એણે હનુમાનની ગતિ રોકી હતી. એના આકર્ષણથી મારુતિ ખેંચાઈ આવીને તેના મોંમાં પડ્ય હતા.પણ પોતે બલાઢ્ય હોવાથી એને મારી નાખીને એણે પૂર્વવત્ ગમન કર્યું હતું.

સુરસા

એ નામે એક રાક્ષસી; મારુતિ સમુદ્ર ઓળંગીને લંકામાં જતા હતા તે વખતે તેના બળ અને ચાતુર્યની પરીક્ષા કરવા માટે દેવોએ મોકલેલી સ્ત્રી એ રાક્ષસીનું રૂપ ધારણ કરીને મારુતિની આડે આવીને ઊભી રહી. તેણે મારુતિને કહ્યું કે, મારા મોંમાં પ્રવેશ કર. મારુતિએ કહ્યું કે, હું રામના કામ માટે જાઉં છું તે પૂરું કરી, સીતાની શોધ કરી એના સારા સમાચાર રામચંદ્રને જણાવી પછી તારા મુખમાં પ્રવેશ કરીશ. પરંતુ એણે એ વાત ન ગણકારતાં પોતાનું મોં દશ યોજન પહોળું કર્યું એ જોઈને મારુતિ બમણા મોટા થઈ ગયા એટલે સરસાએ પોતાનું મોં બીજા દશ યોદન પહોળું કર્યું. ફરી મારુતિએ પોતાનું સ્વરૂપ એથી યે બમણું મોટું કર્યું આમ વધારતાં વધારતાં એનું મોં ઘણું જ મોટું થયું એટલે મારુતિએ પોતાનું સ્વરૂપ એકાએક અંગૂઠા જેવડું કરી દીધું અને સુરસાના મોંમાં પ્રવેશ કરીને જમણા કાનમાંથી પાછા નીકળી આવ્યા. સુરસાને વંદન કરીને કહ્યું કે, મેં તારા મુખમાં પ્રવેશ કર્યો. હવે હું જાઉં છું. આ ઉપરથી સુરસાએ કહ્યું કે, તું બળવાન ને ચતુર બંને છો માટે તેને રામના કામમાં જશ મળશે. એમ આશીર્વાદ આપી પોતે સ્વર્ગમાં ચાલી ગઈ.

કબંધ

એ નામનો દંડકારણ્યનો એક અસુર; કશ્યપ અને દનુનો એ નામનો પુત્ર. તે પૂર્વ જન્મમાં વિશ્વાવસુ નામનો ગંધર્વ હતો. એક વખત સ્થૂલશિરા ઋષિ તેના ગાયનથી અપ્રસન્ન થયા ત્યારે તેને હસવું આવ્યું. આથી ઋષિએ તેને રાક્ષસ થવાનો શાપ આપ્યો. બ્રહ્માની તપશ્ચર્યા કરી તેણે દીર્ઘાયુ થવાનુ વરદાન પ્રાપ્ત કર્યું હતું. વરદાનના ગર્વથી તે હમેશા ઇન્દ્રનું અપમાન કર્યા કરતો. આથી ગુસ્સે થઇને ઇન્દ્રે તેના ઉપર વજ્રપ્રહાર કર્યો અને તેનાં જાંઘ, મોઢું અને મસ્તક તોડી નાખ્યાં. પછી તેની વિનવણીથી તેના હાથ યોજન પ્રમાણ લાંબા કરી દીધા અને તેના પેટની અંદર તીક્ષ્ણ દાંતયુક્ત મુખ બનાવી દીધું. તે પછી તે દંડકરણ્યમાં રહેવા લાગ્યો અને સિંહ, વાઘ વગેરેને પકડી કપડીને ખાવા લાગ્યો. જ્યારે રામચંદ્રજી દંડકારણ્યમાં આવ્યા ત્યારે તેના હાથને કાપી નાખી તેને મુક્ત કર્યો. મસ્તી વખતે તેમાંથી એક દિવ્ય પુરુષ નીકળી રામની સ્તુતિ કરી અદૃશ્ય થઇ ગયો.